કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૧૦ જૂન, ૨૦૨૫ મંગળવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક



કચ્છ ઉદય

નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરચક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311



◆અંક નંબર : ૦૧૯◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ સુદ-૧૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# મોદી સરકાર છે અસરદાર : સીએમ

**કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકારને ૧૧ વર્ષ પૂર્ણ થતા ગુજરાતમાં પ્રેસ મારફતે પ્રદેશ રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે વર્ણવી સરકારની વિકાસ ગાથા**

ગાંધીનગર : દેશમાં પાછલા ૧૧ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલતી ભાજપની સરકારે ભારતની રાજનીતિની સંસ્કૃતિને બદલી નાખી છે. એમ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે દેશની શાસન ધુરા સંભાળી અને તેમના સુશાસનના ૧૧ વર્ષ ગઈકાલે પૂર્ણ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ વર્ષના સુશાસનમાં થયેલા વિકાસ કામોની ગાથા અંગેની વિગતો આપતા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે ભૂતકાળમાં જેટલા વિકાસકામો થયા તેના કરતાં વધુ વિકાસ કામો આ ૧૧ વર્ષના શાસનમાં થયા છે. આ એક ઐતિહાસિક મોડ પર આવીને આપણે ઊભા છીએ પ્રગતિની આ ઝડપ જેની કલ્પના આપણે ક્યારેય કરી નહોતી સર્વાંગી વિકાસ શું હોઈ શકે એ પણ આપણે ગુજરાતમાં જોયું હતું અને દેશમાં પણ જોઈ રહ્યા છીએ અને ફક્ત વિકાસ નહીં એની સાથે મજબૂતાઈ એ પણ આખા દેશ અને દુનિયાએ જોઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ૧૧ વર્ષનો સમયગાળો ગઈકાલે પૂર્ણ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તેમના ૧૧ વર્ષના શાસનકાળ દરમિયાન થયેલા અનેક વિકાસ કામો અકલ્પનીય અને અદ્વિતીય છે એમ કેન્દ્રના જળ શક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું.



તેમણે જણાવ્યું હતું કે પાછલા ૧૧ વર્ષ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલતી ભાજપ સરકારે ભારતની રાજનીતિની સંસ્કૃતિને બદલી નાખી છે.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી શાસન માં આવ્યા પછી એક જવાબદારી વાળી સરકાર સાબિત થઈ છે લોકોને તેમના ઉપર વિશ્વાસ છે એમના શાસનમાં વિશ્વાસ છે અને દેશના હિતમાં જ નિર્ણય લેવાશે એવો પણ પાક્કો વિશ્વાસ છે .

તેમણે જણાવ્યું હતું કે ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવા માટે કેન્દ્ર સરકારે

**અનુસંધાન પાના નં.૪ પર**

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના ૧૧ વર્ષની ગાથાઓ વર્ણવતી કમલમ કાર્યાલયમાં રંગોળી તૈયાર કરાઈ





ગાંધીનગર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રની સરકારના સુશાસનના ૧૧ વર્ષ પૂર્ણ થતા સુશાસન ની ઉજવણીના ભાગરૂપે કમલમ કાર્યાલય ખાતે સુશાસનની ગાથાઓ રજૂ કરતી રંગોળી તૈયાર કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે શાસન ની ધુરા સંભાળી તયાર થી અત્યાર સુધીના વિકસિત ભારતનો અમૃત કાળ સેવા સુશાસન ગરીબ કલ્યાણ ના ૧૧ વર્ષ પૂર્ણ થવા પર ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે સૌનો સર્વાંગી વિકાસ ખેડૂતોનું હિત સુનિશ્ચિત, મધ્યમ વર્ગીય નાગરિકોનું જીવન બન્યું

**અનુસંધાન પાના નં.૪ પર**

## રાજ્યમાં ૨૬મી જુનથી ત્રણ દિવસ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે

**શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી થનાર અધિકારીઓને મુખ્યમંત્રીએ આપ્યું માર્ગદર્શન :આ બેઠકમાં મંત્રીમંડળના પ્રધાનો, આઈએએસ-આઈપીએસ સહિતના અધિકારીઓ પણ રહ્યા હાજર**

ગાંધીનગર : રાજ્યમાં ૨૬ મી થી ત્રણ દિવસ માટે યોજાનારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ અંગે આજે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમમાં સહભાગી થનાર અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું વર્ષ ૨૦૨૫-૨૬ નો શહેરી વિસ્તારનો અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ રાજ્યની બાલવાટિકાઓ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ તથા રક્ષાશક્તિ રેસીડેન્શીયલ સ્કૂલોમાં યોજવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે સંદર્ભે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને આજે ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ હતી . જેનું બાયસેગ મારફતે જીવંત પ્રસારણ કરવામાં આવશે. જે પ્રસારણ જિલ્લાકક્ષાએથી પ્રવેશોત્સવમાં સહભાગી થનાર અધિકારીઓએ નિહાળશે. તદઉપરાંત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, શાળા સમિતિના સભ્યો એ પણ જીવંત પ્રસારણને નિહાળ્યું હતું.આ વર્ષે શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના કરવાની હોય આ કાર્યક્રમમાં વાલીઓ ને ખાસ ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા.સચિવાલય સાથે સંકળાયેલા સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે પ્રવેશોત્સવ કાર્યક્રમમાં અધિકારીઓએ શાળાઓમાં બાળકોના નામાંકન કરાવવાની કામગીરી સાથે શાળાઓમાં આપવાતા શિક્ષણની ગુણવત્તા શાળાઓની અંદર વ્યવસ્થાઓ અંગેના ફીડબેક મેળવવા સહિતની વિગતો મેળવીને તેનો અહેવાલ શિક્ષણ

**અનુસંધાન પાના નં.૪ પર**

## ભુમીદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વીવેદીએ કેદારનાથના દર્શન કર્યા



દહેરાદૂનઃ ભારતીય સૈન્યના ઓપરેશન સિંદુરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ભૂમીદળ વડા જનરલ ઉપેન્દ્ર દ્વીવેદીએ કુટુંબ સાથે કેદારનાથના દર્શન કર્યા હતા. તેઓને કેદારનાથના પુજારીઓ દ્વારા ખાસ

**અનુસંધાન પાના નં.૪ પર**

## રાહુલ ગાંધી-કોંગ્રેસ સાથે ચૂંટણી પર ચર્ચા કરવા પંચની તૈયારી

નવી દિલ્હીઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી જાહેરમાં ચૂંટણી પંચ પર કથિત ગેરરીતિઓ અંગે ગંભીર આરોપો લગાવી રહ્યા છે. આમ છતાં, કમિશન ઈચ્છે છે કે રાહુલ ગાંધી પણ કોંગ્રેસ સાથેની તેમની બેઠકમાં પાર્ટી પ્રમુખ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે હાજર રહે. કમિશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સંદર્ભમાં પાર્ટીના ટોચના નેતૃત્વનો ટૂંક સમયમાં સત્તાવાર રીતે સંપર્ક કરવામાં આવશે. કોંગ્રેસ સાથે કમિશનની આ બેઠક ૨૩ જૂન પછી ગમે ત્યારે થઈ શકે છે. ચૂંટણી પંચે કોંગ્રેસ સાથે ચૂંટણીલક્ષી ચર્ચા માટે આ તૈયારી કરી છે જ્યારે તે અન્ય પાંચ રાષ્ટ્રીય પક્ષો સાથે વિવિધ ચૂંટણી મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે.આમાં ભાજપ, બસપા, આપ, સીપીઆઈ(એમ) અને નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી)નો સમાવેશ થાય છે. ભાજપ પ્રમુખ જેપી નડ્ડા, બસપા સુપ્રીમો માયાવતી, આમ આદમી પાર્ટી (આપ) ના કન્વીનર અરવિંદ કેજરીવાલ, એનપીપી પ્રમુખ કોનરાડ સંગમા અને સીપીઆઈ(એમ) ના ટોચના નેતૃત્વએ આ બેઠકોમાં ભાગ લીધો હતો. જો કમિશનના સૂત્રોનું માનીએ તો, કોંગ્રેસ સાથે તેની બેઠક ૧૫ મેના રોજ પ્રસ્તાવિત હતી, પરંતુ ઓપરેશન સિંદૂરને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસે આ બેઠક મુલતવી રાખવા વિનંતી કરી હતી.આવી સ્થિતિમાં, કમિશન ટૂંક સમયમાં ચૂંટણી મુદ્દાઓ પર કોંગ્રેસનો અભિપ્રાય જાણવા માંગે છે, જેથી તે તેને સંતુષ્ટ કરવાની દિશામાં આગળ વધી શકીએ છીએ. જો કમિશનનું માનીએ તો, આ વખતે પહેલીવાર બસપા સુપ્રીમો માયાવતી પણ કમિશનની બેઠકમાં હાજરી આપી.સૂત્રોના જણાવ્યા અનુસાર, કમિશન ઈચ્છે છે કે રાહુલ ગાંધી કોંગ્રેસ સાથેની બેઠકમાં ભાગ લે કારણ કે તેઓ જ ચૂંટણી સંબંધિત સૌથી વધુ પ્રશ્નો જાહેરમાં ઉઠાવી રહ્યા છે.કમિશન ઈચ્છે છે કે તેઓ બેસીને તેમના પ્રશ્નોના તથ્યપૂર્ણ જવાબો આપે. ઉપરાંત, જો કોઈ નવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, તો તેનો પણ જવાબ આપવો જોઈએ. સૂત્રો કહે છે કે કમિશન તેમના બધા પ્રશ્નોના પારદર્શિતા સાથે જવાબ આપવા તૈયાર છે.જો તેઓ તેમની સાથે બેસે અથવા તેમને તેમના વાંધાઓ લેખિતમાં જણાવે.નોંધનીય છે કે, કમિશને રાજકીય પક્ષોને પૂછ્યું છે.


## રાજકોટમાં કોરોનાની ચોથી લહેરમાં પહેલુ મોત : સંક્રમણે ફેલાવ્યો ભરડો : ટેસ્ટીંગ વધાર્યુ

ગાધીનગર : ગુજરાતમાં પણ કોરોનાનો ફુંફાડો વ્યાપક બન્યો છે ત્યારે આજ રોજ સામે આવતી વધુ વિગતો અનુસાર રાજકોટમાં કોરોનાની ચોથી લહેરમાં પ્રથમ મોત થવા પામી ગયું છે. ૫૫ વર્ષીય પુરૂષનું હોસ્પિટલમાં મૃત્યું થવા પામયું છે. હાલમાં ગુજરાતમાં કોરોનાના ૧ હજારથી વધુ કેસો નોધાવવા પામી ગયા છે. છેલ્લા ચાર દીવસથી આ વ્યકિતમાં કોરોનાના લક્ષણો જોવા મળી આવ્યા હતા અને ગઈકાલે તેમને સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા હતા. તેઓ હાયપર ટેન્સનના દર્દી પણ હતા.

## ભગવાન જગન્નાથની રથયાત્રા માટે અમદાવાદ પોલીસે તૈયાર કર્યો એક્શન પ્લાન..!

**જળયાત્રાને લઈને ફાયરની ટીમે સાબરમતીમાં યોજી મોકડ્રીલ : રથયાત્રા પહેલા આવતીકાલે યોજાશે જળયાત્રા : ૧૧મી જુનના રોજ જગતમંદીર દર્શનના સમયમાં ફેરફાર : સાંજે યોજાશે જળયાત્રા ઉત્સવ**

નવીદિલ્હી : ૩ જૂને IPL ફાઈનલમાં ઈઝમ્ની જીત બાદ ૪ જૂને બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી



ભાગદોડમાં માસુમ લોકોના મોત

**અનુસંધાન પાના નં.૪ પર**

## ગુજરાતમાં માથાભારેની નહી ચાલે દાદાગીરી : કુખ્યાત આરોપી નાઝીર પર દાદાનું બુલડોઝર ચાલ્યું

**લતીફના સંપર્કમાં જેનુ નામ ખુલી ચુકયુ છે તે કુખ્યાત આરોપી નાઝીરવોરાના જુહાપુરામાં આવેલા ઝુબેદા હાઉસનુ દબાણ તોડી પડાયું**

ગાંધીનગર : ગુજરાતમાં કોઈ પણ માથાભારેની દાદાગીરી નહી ચાલે તેવો કડક સંદેશ આપતી કાર્યવાહી રાજયનુ ગૃહવિભાગ કરી રહ્યુ છે. દરમ્યાન જ આજ રોજ અમદાવાદના જુહાપુરમાં રહેતા નસીર વોરા જેવા કુખ્યાત આરોપી કે જેની સામે ખંડણી,લુંટ, મર્ડર જેવા ૨૯ ગુનાઓ નોધાયેલા છે તેની સામે દાદાએ બુલડોજરવાળી કરી દેખાડી છે. આજ રોજ અહી ઝુબેદા હાઉસ નામનું તેનુ બિનઅધિકૃત વિશાળ દબાણ પોલીસની હાજરીમાં તોડી પાડવામા આવ્યું છે.

## દિલ્હીમાં વિદેશી રાજદ્વારીઓ અને NSE વચ્ચે વાર્તાલાપ યોજાયો



ફાઉન્ડેશન ફૉર પબ્લિક અવેરનેસ ઍન્ડ પૉલિસીએ દિલ્હીમાં વિદેશી રાજદ્વારી સમુદાય અને નૅશનલ સ્ટૉક એક્સચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ વચ્ચેના વાર્તાલાપનું આયોજન કર્યું હતું. આ પ્રકારની સૌપ્રથમ પહેલનો હેતુ ભારતના નાણાકીય ઈકોસિસ્ટમના કેન્દ્રમાં NSE હોવાથી રાજદ્વારી સમુદાય અને મુખ્ય હિસ્સેદારો વચ્ચે અર્થપૂર્ણ સંવાદો દ્વારા ભારતની વૈશ્વિક ભાગીદારીને

**અનુસંધાન પાના નં.૪ પર**

### તિકડમ ! - દેવેન વ્યાસ



ભ્રષ્ટાચાર ક્ષેત્રે કોણે કેટલો વિક્રમ કર્યો ? ખરેખર તો એની નોંધ લેવાય તે જરૂરી છે.

## જાપાનમાં અમેરિકન એરબેઝ પર વિસ્ફોટ, ચાર સૈનિકો ઘાયલ

નવીદિલ્હી : જાપાનના દક્ષિણ ટાપુ ઓકિનાવા સ્થિત અમેરિકન એરબેઝમાં ભયાનક વિસ્ફોટ થતાં ચાર જાપાની સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે, ઓકિનાવા સ્થિત એક બિલ્ડિંગ પાસે વિસ્ફોટ થયો છે, અહીં કામ કરતા સૈનિકોને આંગળીઓમાં ઈજાઓ થઈ છે. બીજા વિશ્વયુદ્ધની સૌથી ભીષણ લડાઈઓમાંની એક ઓકિનાવામાં લડાઈ હતી. સ્થાનીક અધિકારીઓએ કહ્યું કે, સૈનિકોને થયેલી ઈજાઓ જીવલેણ નહોતી. અમેરિકન એરફોર્સે એક નિવેદનમાં કહ્યું છે કે, વિસ્ફોટ ઓકિનાવા પ્રાંતની સરકાર દ્વારા સંચાલિત કડેના એર બેઝ ખાતે દારૂગોળો સંગ્રહ વિસ્તારમાં થયો છે. આ ઘટનામાં કોઈ અમેરિકન સૈનિકો સામેલ નહોતા. સેલ્ફ-ડિફેન્સ ફોર્સ જોઈન્ટ સ્ટાફે કહ્યું કે, સૈનિકો જ્યારે એક સ્થળે નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે ઉપકરણમાં અચાનક વિસ્ફોટ થયો હતો. મીડિયા રિપોર્ટ મુજબ સૈનિકો ઉપકરણ પરથી કાટ દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે વિસ્ફોટ થયો હતો. જીઢહ્લએ કહ્યું કે, તેઓ અકસ્માતનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## જગતાત ચિંતીતઃ વરસાદ ખેંચાશે તો મગફળી-કપાસના વાવેતરને જોખમ

મેઘરાજાની સંતાકુકડી વચ્ચે ગરમીનો પારો ઉંચકાયો રાજ્યમાં અત્યાર સુધીમાં માત્ર ૭૭,૦૬૭ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ, કપાસની ૩૪ હજાર હેક્ટર, મગફળીની ૩૧ હજાર હેક્ટર જયારે શાકભાજીની પાંચ હજાર હેક્ટરમાં વાવણીઃ ૨૫ જૂન સુધીમાં વરસાદ નહિ આવે તો ખેડૂતોએ ફરીથી વાવેતર કરવાની તૈયારી રાખવી પડશે

મેઘરાજા જાણે સંતાકુકડી રમતા હોય તેમ રાજ્યભરમાં હાલ ગરમીનો પારો ઉંચકાયો છે અને તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે.મે માસમાં વરસાદ આવતા લાગતું હતું કે ચોમાસુ ગુજરાતમાં વહેલું દસ્તક આપશે. જેને લઈ મોટાભાગના વિસ્તારમાં વરસાદની આશાએ અને ભીમ અગિયારસનું સુકનવન્તુ મુહૂર્ત સાચવવા ખેડૂતોએ વાવેતર કરી દીધું પણ હાલમાં વરસાદ ખેંચાયો છે. રાજ્યમાં મુખ્ય પાક મગફળી અને કપાસનું ખેડૂતોએ ૭૭ હજાર હેક્ટરમાં વાવેતર કરી દીધું છે, ત્યારે હવે ખેડૂત મૂંઝાયો છે. ખેડૂતો આકાશમાં દેખાતા કાળા ડિબાગ વાદળાઓ સામે જોઈ અને વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો વરસાદ થઈ જાય તો મગફળીનો પાક બચાવી શકાય નહીં તો વરસાદ ખેંચાશે તો ખેડૂતોએ ફરીથી વાવેતર કરવાની તૈયારી રાખવી પડશે. ભીમ અગિયારસ પહેલા વરસાદની આગાહીના પગલે ખેડૂતોએ કપાસિયાનું

**અનુસંધાન પાના નં.૪ પર**

## ભારત-ચીન વચ્ચેના તણાવમાં નોંધપાત્ર ઘટાડો થયો

મોસ્કો : ભારત અને ચીન વચ્ચે સરહદ પર છેલ્લા ઘણા સમયથી તણાવ નોંધપાત્ર રીતે ઓછો થયો છે. બંને પાડોશી દેશો વચ્ચે શાંતિ માટે વાતચીત પણ ચાલુ છે જેને પગલે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે ફરીથી ત્રણેય દેશો અટકેલા કાર્યોને પાટા પર લાવવા પ્રયાસ કરશે તેવી આશા વ્યક્તકરી હતી. રશિયા, ભારત અને ચીન (રિક)ની ત્રિપૂટી આ માટે બહુ-ધ્રુવીય સ્થાપત્યોના રચના કરવા માટે રિક ફોરમેટમાં ફરીથી સક્રિય રીતે કામગીરી શરૂ કરે તે પેન-યુરેશિયન પ્રક્રિયાની દિશામાં સૌપ્રથમ પગલું રહેશે તેમ લાવરોવે ફોરમ ઓફ ધ ફોર્ચ્યુન-૨૦૫૦ને સંબોધતા જણાવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી ત્રણેય દેશો વચ્ચે વિદેશ મંત્રીના સ્તરની બેઠક યોજાઈ નથી. પરંતુ રશિયા ચીનના સમકક્ષ ઉપરાંત ભારતના વિદેશી બાબતોના વિભાગના વડા સાથે સતત સંપર્કમાં છે. આશા છે

**અનુસંધાન પાના નં.૪ પર**

# જમાઈરાજને કરોડોની લ્હાણી કરનાર નરેશને પદભ્રષ્ટ કરવામાં SRC જેવી મહાનસંસ્થામાં શુભમુર્હતની કોને ઈંતેજારી ?

**કંપનીના કરોડો રૂપીયાનું રોકાણ પોતાના જમાઈની કંપની મારફતે ડેબ્ટ ફંડમાં રોકાણ કરી અને કંપની એકટના ધજાગરા ઉડાનારની સામે કોઈ જ કાર્યવાહી નહી થતા ઉઠી રહ્યા છે તરેહ તરેહના સવાલો : નિયમ પ્રમાણે સંસ્થાની બોર્ડમાં આ ડાયરેકટર કામ આપનાર પાર્ટી તેની સબંધી થતી નથી, તેવો ઠરાવમાં ઉલ્લેખ કરાવ્યો છે ખરો? : એસએફઆઈઓ (સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફીસ)માં કરાઈ છે લેખિત ફરીયાદ**

ગાંધીધામ : પૂર્વ કચ્છ માત્ર જ નહી પરંતુ ગુજરાતભરમાં જે પ્રતિષ્ઠીત સંસ્થાઓને ટોંચની યાદીમાં મુકવામા આવતી હશે તે પૈકીની એક એવી એસઆરસી જેવી મહાનસંસ્થા પાછલા કેટલાક સમયથી એક યા બીજા વિષયોને મુકીને વિવાદોના મધપુડા છંછેડી જ રહી છે. દરમ્યાન જ વધુ એક જાગૃત વ્યકિતએ આ મહાનસંસ્થાના એક ડાયરેકટરને શા માટે ડીસ્કવોલીફાઈ ન કરવા, કેમ તેને લઈને લાંબી ઈંતેજારી થવા પામી રહી છે, તેનો ધારદાર અને વિગતવાર પત્ર ઉચ્ચકક્ષાએ લખ્યો છે. પરંતુ જમાઈરાજને કરોડોની લ્હાણી બિનઅધિકૃત રીતે, કંપની કાયદાઓને નેવે મુકીને કરનારા આ ડાયરેકટર નરેશને પદભ્રષ્ટ કરવામાં જાણે કે કોઈ સારા મુર્હતની રાહ જોવાતી હોય તેવુ વલણ અખ્ત્યાર કરવામા આવી રહ્યું છે. અહી મજાની વાત તો એ છે કે, શીપીંગ વિભાગ અને ડીપીએ પ્રશાસનના નિર્દેશો બાદ અહી આપવામાં આવેલા કેગ એમપેનલ્ડ ઓડીટમાં પણ આ વિગતોનો ઉલ્લેખ કરાયો છે અને સબંધિત ડાયરેકટર ડીસ્કવોલીફાઈ કરવાને પાત્ર બની રહ્યા છે તેવુ સ્પષ્ટ જણાવાઈ દેવાયુ છે છતા પણ કુલડીમાં ગોળ ભંગાઈ રહ્યો હોય તેમ આ પ્રકારના આદેશોની અમલવારી થતી કયાં જોવા મળતી નથી.

વાત કરીએ એસએફઆઈઓ કક્ષાએ કરવામા આવેલી આ અરજીમાં અરજદાર દ્વારા માંગણી કરવામા આવી છે કે, મે વીતેલા એક વર્ષથી વધુ સમય એસઆરસીના તત્કાલીન ચેરપર્સન તથા અમદાવાદ સ્થિત રજીસ્ટ્રાર ઓફ કંપની સમક્ષ અનેકવખત ગેરરીતીઓ અંગેના અહેવાલો પ્રગટ કરતો પત્રવ્યહવાર કર્યો છે. ફ્રોડ એન્ડ ફોજરીના કેટલાક મામલાઓ દસ્તાવેજો પુરાવાઓ સહ રજુ કર્યા છે.

તેમજ એક ચૂંટાયેલ ડાયરેકટર નરેશ દ્વારા ઘરેલુ સબંધો છુપાવી તેમના જમાઈ મારફતે કાર્પોરેશનના અનેક કરોડ રૂપીયા જેને જોખમી ધંધો કહેવાય તેવા ડેબ્ટ ફંડમાં રોકાણ કરી દીધા હતા. અને એ જ દીવસે શીપીંગ મંત્રાલયના દીશા નિર્દેશ હેઠળ ડીપીએના ઉચ્ચ અધિકારીઓએ એસઆરસી ઉપર સીએજી ઓડીટની ફરજ પાડી હતી. ઓડીટ કંપનીએ તા. ૩૧/૩/૨૦૨૩ વાળો ફોર્મ એમબીપી-૧ ચકાસતા ઉકત દસ્તાવેજ જુઠ્ઠાણુ જ હોવાનુ સિદ્ધ થવા પામ્યું હતુ. સમગ્ર હરકતમાં એક બીજા સાથે ઘરનો નાતો ધરાવતા અન્ય ડાયરેકટર પણ જાણતા તો હતા જ છતાં આંખ આડા કાન રાખી લોલમલોલ ચાલવા જ દીધું હતુ. એક ચુંટાયેલા ડાયરેકટર તરીકે આચરેલ અનાચારી કૃત્યમાં કાયદા હેઠળ ફીડયુસરી જવાબદારીનો ઘોર ઉલ્લંઘન હોઈ ઓડીટ કંપની પોતાના રીપોર્ટમાં ડાયરેકટર શ્રી નરેશ બુલચંદાણી પદભ્રષ્ટ થવાને પાત્ર જણાવી ચૂકયા છે. જેણે આઠ મહીનાનો સમય વીતી જતા આજ દીવસ સુધી કોઈ ઠોસ કાર્યવાહી થવા પામી નથી. આ પરીસ્થિતી એક જ સંભાવના તરફ અંગુલીનિર્દેશ કરે છે કે, નરેશભાઈ એસઆરસી જેવી મહાન સંસ્થા પર પ્રભુત્વ ધરાવતી સરકારી સંસ્થાઓમાં દોડી દોડીને કદાચ વધુ ભ્રષ્ટાચાર આચરી પ્રકરણને દબાવી દઈ સાંધામેળ કરવામાં હજુ સુધી સફળ દેખાઈ રહ્યા છે. આ પત્રના મધ્યભાગમાં એસએફઆઈઓ સમક્ષ એવી માંગણી કરી છે કે, ઓડીટમાં દર્શાવેલ બધા પ્રકરણોની ફોરેન્સીક તપાસ બેસાડવામાં આવે. કંપની કાયદાના સેકસન ૨૦૬ તથા ૨૦૭ હેઠળ દોઢવર્ષ દરમ્યાન આરઓસી અમદાવાદ કચેરીએ દર્શાવેલી ચુપકીદીની પણ યોગ્ય તપાસ કરવામા આવે. જે ડાયરેકટરને નેમ કરેલા છે, તેની સામે કંપની કાયદાની કલમ ૧૬૪,૧૮૪,૧૮૮ તેમજ કલમ ૪૪૭ હેઠળ યોગ્ય કાર્યવાહી વેળાસર કરવી જોઈએ. જયાં સુધી આ બધી કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી નેમ ડાયરેકટર ઉપર તાતકાલીક અરસથી ડાયરેકટર તરીકે કામકરવા પર રોક લગાવી દેવી ઘટે. ફરીયાદના અંતમાં વીતેલા એક વર્ષ દરમ્યાન થયેલ પત્રવ્યહવાર તેમજ ઓડીટ રીપોર્ટના કેટલાક ફકરા પણ જોડી આપેલ છે.

**Subject: Escalation of Complaint Regarding Non-Disclosure of Related Party Transactions and Alleged Fraudulent Activities by Director Shri Naresh Bulchandani (DIN: 00938642) – Inaction by ROC Ahmedabad**

1 message

nilesh pandya <src.pandya@gmail.com> — Thu, 8 May, 2025 at 7:01 pm
To: cvo-sfio@sfio.nic.in, director@sfio.nic.in

To
The Director,
Serious Fraud Investigation Office (SFIO)
2nd Floor, Paryavaran Bhawan, CGO Complex,
Lodhi Road, New Delhi – 110003
Email: dir@sfio.nic.in / sfio@nic.in

I, Nilesh Pandya, Director of Sindhu Resettlement Corporation Ltd. (CIN: U45300GJ1948PLC001115), holding DIN: 10312936, write to escalate a pending and serious matter concerning gross violations of corporate governance, fraudulent conduct, and undisclosed related party transactions by Director Shri Naresh Bulchandani (DIN: 00938642), and the continued inaction and apparent bias displayed by the office of Registrar of Companies (ROC), Ahmedabad.

Despite having submitted two formal complaints (dated 18th October 2024 and 19th November 2024) detailing statutory violations under the Companies Act, 2013, no response or acknowledgement has been received to date from ROC Ahmedabad. This inaction raises serious concerns about regulatory oversight and fairness.

Audit Findings by CAG-Empanelled Auditors:
An independent audit was commissioned by the Deputy Chairman of Deendayal Port Authority based on directives from the Ministry of Ports, Shipping & Waterways. The audit for the period 2017–2024 was conducted by UCC Associates – a CAG empanelled audit firm, which found the following:

"Disclosure on interest given by Mr. Naresh Bulchandani in Form MBP-1 dated 31st March, 2023 does not state the disclosure regarding the 'Firm in which relative of director is partner,' resulting in a wrong disclosure of the interested entity.

This clearly exposes a deliberate concealment of interest under Section 184 of the Companies Act, which has materially influenced the Board's financial decisions. Notably, the Board approved the investment of excess funds of the Company on the advice of Mr. Tarun Moorjani, the son-in-law of Mr. Bulchandani, which were then vested through his firm, Trustcore Investments – a clear conflict of interest and violation of fiduciary duty.

Pattern of Misconduct:
These actions show a systematic pattern of misrepresentation, personal enrichment, and governance malpractice by Mr. Bulchandani. Further, the inaction of ROC Ahmedabad, despite being presented with detailed complaints and Ministry involvement, suggests institutional apathy or partiality.

Reliefs Requested from SFIO:
Initiate a forensic investigation under SFIO into the financial and governance practices of Sindhu Resettlement Corporation Ltd., focusing on related party transactions, audit suppression, and disclosure fraud.

Examine the conduct of ROC Ahmedabad for dereliction of duty under Sections 206–207 of the Companies Act.

Initiate proceedings under Section 164 (Disqualification of Directors), Section 184 (Disclosure of Interest), Section 188 (RPT violation), and Section 447 (Fraud) against Shri Naresh Bulchandani.

Sincerely,
Nilesh Pandya
Director, Sindhu Resettlement Corporation Ltd.
DIN: 10312936
Mobile: 9825221813
Email: src.pandya@gmail.com

## ચૂંટણી આવી રહી છે, શેરહોલ્ડર્સ જાગતા રહેજો : ભ્રષ્ટ અમુક છાપેલા કાંટલા ફરી ન ગોઠવાઈ જાય!

**જેલમાં જઈ આવ્યા, કાળી કોઠળીમા રહી આવ્યા, બાજરીનોસુકો રોટલોને રીંગણાના શાકનો સ્વાદ માણી આવ્યા, પોલીસની મહેમાનગતિ અનુભવી આવ્યા, છતા પણ અમુક તત્વોને ડાયરેકટર-પદનો મોહ જતો જ નથી, ફરી ફરીને ભ્રષ્ટાચારીઓના બદલે નવા-ફ્રેશ-પ્રમાણિક-સંકુલના કામો કરી શકે તેવા શિક્ષિત ચહેરાઓને ચૂંટણી લાવજો**

ગાંધીધામ : એસઆરસી જેવી મહાનસંસ્થા તેમા બેઠેલા કેટલાક તત્વો થકી વિવાદમાં આવી રહી છે. હાલમાં તો આ સંસ્થાના બે લોકો તો જેલની પણ હવા ખાઈ આવ્યા છે. તે બાદ પણ નીતનવી ચર્ચાઅ જન્મતી જ રહે છે. સંકુલનો વર્ગ એટલે જ કહી રહ્યો છે કે, શેર હોલ્ડર્સ જાગતા રહેજો, જાગૃત રહેજો,હવે ચૂંટણી નજીક આવી રહી છે, ફરી ફરીને છાપેલા કાંટલા જેવા ભ્રષ્ટ તત્વો પુનઃ ગોઠવાઈ ન જાય.! નવા અને ફ્રેશ ચહેરાઓને તક આપજો. સંકુલનુ અને તમારૂ પણ ભલુ ઈચ્છતા હો તો જુના અને કટાઈ ગયેલા મગજવાળા તથા મહાનસંસ્થામાં ભ્રષ્ટાચારના સડાને પેંધાવી દેનારાઓને ઉખેડી ફેકવાની ફરીથી તક આવી રહી છે. આ ચૂંટણીમાં તે તક સૌ શેરહોલ્ડર્સ ઝડપી લે તે સૌના હિતમાં કહેવાશે.

## સીટીઝન્સ ચાર્ટરને આવી રીતે લાગુ કર્યો છે કે શું?

ગાંધીધામ : જાણકારો તો એમ પણ ચર્ચા કરી રહ્યા છે કે, શહેર સંકુલમાં મળતીયાઓ મારફતે સીંધુભવનના સંદર્ભમાં આર્બીટ્રિશનના કેસમાં છેલ્લો હુકમ થઈ ગયો છે. અને મે અન્યને હરાવી દીધો છે. આ મહાન કંપનીના ઈજનેરો સિંધુભવન પર થયેલ બિનઅધિકૃત કબ્જો ખાલી કરાવવા થઈ ચૂકયા છે રવાના. આવી અફવાઓ ફેલાવી વધુ એક વખત શહેરીજનોને ઉલ્ટાચશ્મા પહેરવાનો પ્રપંચ જ કરવામા આવ્યો હોવાનું દર્શાય છે. તાજેતરમાં મંજુર કરેલા સીટીઝન્સ ચાર્ટરને આવી રીતે લાગુ કર્યો છે કે શું?

# હવે આ ગદ્દારનો ફાયરબ્રિગેડ વાળા પ્લોટ પર મંડરાય છે મલીન ડોળો : અધિકારીઓ ચેતજો : ‘‘હું તો મરૂ તમને વિધવા કરૂ’’ વાળી ન થઈ જાય.!

**ફાયર બ્રીગેડવાળા વિશાળ પ્લોટના ટુકડા કરી અને વેપલો કરવાની ફિરાકમાં છે ગદ્દાર અને તેના આળતીયા મળતીયા અમુક ડાયરેકટર, જો અધિકારીઓ ગદ્દારની વાતમાં આવી ગયા અને આ પ્લોટના ટુકડા કરવાની હિમાકત કરી ગયા,તો ભવિષ્યમાં આ પાપના પોટલા તો ખુલવાના જ છે તે વખતે ગદ્દારને સાથ આપનારા અધિકારીઓનો થઈ જશે મરો-ચડી જશે તપેલો : જાણકારોની લાલબત્તી**

**ગદ્દાર તો વાંજીયો છે એટલે તેને સારા વિચારો આવવાના જ નથી, નકારાત્મક વિચારો જ કરતો રહે છે, પરંતુ ફાયરબ્રીગેડના પ્લોટના ટુકડા કરવાની ગદ્દારની વાતમાં કોઈ અધિકારીઓઆવતાસો વાર વિચાર કરે, સૌથી વધુ આવુ કરવા માટે જીડીએના ચેરમેન-સચીવની પડશે જરૂર, જો આ અધિકારીઓ જાણતા- અજાણતા ગદ્દારની વાતમાં આવી અને સાચુ-ખોટું એક યા બીજી રીતે કરી બેસશે તો ભવિષ્યમાં આ અધિકારીઓને જેલના સળીયા ગણવાની સ્થિતીની પણરાખવી જ પડશે તૈયારી : જાણકારોની લાલબત્તી**

ગાંધીધામ : જાનમાં કોઈ જાણે નહી અને હું લાડાની ફઈ બની ફરવાની ઘેલછાવાળો અને સંકુલના વિકાસનો મોટામાં મોટો દુશ્મન ગદ્દાર હવે ફરીથી એક નવા છાના કાવતરાઓને અંજામ આપી ખુદના ગજવા ગરમ કરી લેવાની લ્હાયમાં સક્રીય બન્યો હોવાની ચર્ચાઓ સામે આવવા પામી રહી છે. આ બાબતે અંતરંગ વર્તુળોમાથી ઉઠતી ચર્ચાઓ અનુસાર ગદ્દાર અને તેના બે-ચાર આળતીયા માળતીયાઓ દ્વારા હવે સંકુલમાં જાહેર હીતાર્થે ઉપયોગી એવા રહ્યા સહ્યા નામ પુરતા પ્લોટસમાં પણ મલિન ડોળા અને નજરો ફેરવી રહ્યા છે. વાત સહેજ વિગતે કરીએ તો ગાંધીધામના વિકાસ માટે જે પ્લોટસ નકશામાં ફાળવ્યા છે તેમં પણ ખાસ કરીને પોલીસ ખાતા સહિતના પ્લોટસતો આડુ અવડુ કરી અને આંબાંઆંબલીઓ દેખાડી અને ગદ્દારે ખેલ પાડી લીધા છે પરંતુ હવે સંકુલમાં આવો જ એક ફાયર બ્રીગેડનો એક વિશાળ પ્લોટ પણ છે, તેના પર ગદ્દારે મલિન દ્રષ્ટીકરી છે.આ મોટો પ્લોટ છે તેના ટુકડા કરી અને તે ટુકડા પ્લોટને વેંચવાની વેતરણમા આ ગદ્દાર ટોળકી રહેલી હોવાનુ ચર્ચાય છે. કહેવાય છે કે અમુકને આંબાઆંબલીઓ દખાડી અને તમને આપશુ આમાથી પ્લોટ, તમને પણ આપશુ તેમ બધાયને કહેતો ફરે છે પરંતુ આપ્યા છે બધાયને ગદ્દારે બાબાજી કા ઠુલ્લુ.! આ તબક્કે જાણકારવર્ગ કહી રહ્યો છે કે, ગદ્દાર સંકુલના લોકોને તો આંબાઆંબલી દેખાડતો ફરી રહ્યો છે પરંતુ હકીકતમાં તેની વાતોમાં અધિકારીવર્ગઆવી જતા સો વખત વિચાર કરવાની જરૂર છે. ફાયર બ્રીગેડના પ્લોટના ટુકડા કરવામા આવ્યા અને તેમાં જે-જે સરકારી અધિકારીઓ ગદ્દારાની સાથે મેળાપીપંણા કરીને તેની વાતમાં આવી જઈને પણ ભુલ કરી દીધી તો જેલના સળીયા ગણવા સુધીનો વારો આ જ સરકારી બાબુ અધીકારીઓનો જ આવશે તે ન ભુલવુ જોઈએ. ફાયર બ્રીગેડનો પ્લોટ હવે ગાંધીધામના વિકાસને જોતા સંકુલની મોટી જરૂરીયાત બની ચુકયો છે. મનપા થઈ ગયુ છે એટલે ફાયર બ્રીગેડ તો અલાયદા માળખા સાથે જોઈશે જ જોઈશે. તેના સાધનો, સ્ટાફના રહેણાઠ સહિતના માટે ફાયરબ્રીગેડ જેવા વિશાળ પ્લાટેની સંકુલ-સરકાર-તંત્રને જ જરૂર પડવાની છે. જયારે પણ જરૂર પડે, કોઈ મોટી દુર્ઘટના બને તો તેને પહોચી વળવા માટેની તમામ સુવિધાઓ-સાધનોથી સજજ રહેવા આ પ્લોટ છે. શહેરના મુખ્ય વિસ્તારમાં અને કેન્દ્રમાં જ આવેલા છે. હવે ગદ્દાર અને તેના માનીતા ડાયરેકટરની નજર આ ફાયર બ્રીગેડના પ્લોટ પર પડી હોવાનુ કહેવાય છે ત્યારે જો કોઈ અધિકારી જાણતા અજાણતા સહકાર આપી દેશે અને કંઈક સાચુ ખોટું કરી બેસશે, પ્લોટના ટુકડા કરી નિરાકરણ લાવવાનીપ્રવૃતીઓમાંજોડાશે તો તેનું પરીણામ પણ તે જ અધિકારી માટે બહુ જ ખરાબ આવવા પામી શકે તેમ છે. આ સાચુ ખોટુ કરવામાં જરૂર પડશે જીડીએ ચેરમેન અને સચીવશ્રીની. આ બન્ને અધિકારીઓએ વધારે તકેદારી રાખવી પડશે અને જો ભુલચુક કરી લીધી તો જેલમાં જવાનો વારો આવશે જ આવશે. અગર જો રાજકોટ જેવી કોઈ મોટી દુર્ઘટના બનશે ત્યારે આ બધાય જુના પોપડાઓ ખુલવાના જ છે એટલે આવા સમયે કરેલી ભુલમાં જેલમા જવાનો વારો આવશે, એ વાતને ધ્યાન રાખો અને આ ગદ્દારની વાતમાં આવી જવાની ભુલ કોઈ જ અધિકારી ન કરે તે જ તેમના માટે કહેવાશે હિતાવહ તેવુ જાણકારો કહી રહ્યા છે.

## જતીન-ધર્મેશના ૩૦૦ કરોડના કૌભાંડમા પગલા લેવામાં ગદ્દાર ટોળકી કોની લાજનો કાઢે છે ઘૂમટો.!

**સંકુલના નિદોર્ષ લીઝ હોલ્ડર્સને પજવવા રોજ બરોજ નવા ફતવા ગદ્દાર કાઢતો ફરી રહ્યો છે, પણ જતીન-ધર્મેશની સામે કરેલી પોલીસ અરજીમાં ફોજદારી કરવા શા માટે આગળ આવતો નથી? તેના પાછળનું રહસ્ય શું છે?**

**ગદ્દારની ચુપકીદી તો સમજાય છે કે, જો જતીન-ધર્મેશના કૌભાંડને ખોલવાશે તો તેના પણ પગ નીચે રેલો આવશે જ પણ આ આખાય પ્રકરણમાં નરેશની શું ભૂમિકા છે?**

ગાંધીધામ : જતીન-ધર્મેશના ૩૦૦ કરોડના કૌભાંડી છે, હજુ જેમની પાસે આ બન્નેની જોડી પાસેથી લીધેલા શેરો પડયા છે એ વંચાશે તો લેનારાઓની કફોડી હાલત થવા પામી જશે અને અગાઉ જતીન-ધર્મેશની ટોળકીએ જેમને આવા શેરો પેણાવી દીધા છે, વેચી દીધા છે તેઓઓની સ્થિતી પણ ખુબજ કફોડી જ બની જવા પામી છે. આવા સમયે જાણકાર કહી રહ્યા છે કે, ગદ્દાર સંકુલના લિઝ ધારકો માટે પજવણી થાય તેવા નીતનવા ફતવા અને ફરમાન રોજ બરોજ બહાર પાડી રહ્યો છે તો પછી જતીન-ધર્મેશની જોડીએ આચરેલા ભ્રષ્ટાચાર-કૌભાંડની સામે કેમ ચું નહી તો ચાં પણ ઉચ્ચારતો નથી? કોની લાજનો ધુમટો તાણી રહ્યો છે આ ગદ્દાર... જતીન ધર્મેશની સામે ધાક બેસાડતી કાર્યાવહીમાં? અગાઉ પોલીસને જે અરજી આ બન્નેના કૌભાંડો મામલે આપી છે તેમાં ફોજદારી ફરીયાદ કરવા ગદ્દાર કેમ તાકાત નથી ઉપયોગ કરતો? નિદોર્ષ અને ભોળા લીઝધારકો છે તેની ઉંઘ આ ગદ્દારે બગાડી રાખી છે, એલફેલ નિર્ણયો લઈને અને જે ભ્રષ્ટાચારીઓ છે તેની સામે આ ગદ્દાર મોઢું સીવીને બેસી ગયો છે? તેની પાછળનુ રહસ્ય શું છે? જાગો શેરહોલ્ડર્સ જાગો, આ કાચીંડાની જેમ રંગ બદલતા ભ્રષ્ટ અને સ્વાર્થી ગદ્દારને ઓળખો? અને તેનું સ્થાન હવે તેને દેખાડો. જતીન અને ધર્મેશથી જેઓએ ડમી અને બોગસ દસ્તાવેજોના આધારે બનેલા સકસેસનથી શેર-પ્લોટ લઈ લીધા છે તેઓની હાલત તો હવે આ કૌભાંડોના પોપડા ખુલવા પામતા કફોડી થઈ ગઈ છે, તે તો બધાયની બકરી ડબ્બામાં અને પુછડી બહાર જ થવા પામી ગઈ છે, પરંતુ હજુ પણ જતીન-ધર્મેશ પાસેથી શેર-પ્લોટ લેતા પહેલા સૌ કોઈ ૭ વારવિચારકરી લેજો, કયાંક ને કયાંક રાતા પાણીએ રડવાનો વારો ન અવી જાય..! ગદ્દાર તો જતીન-ધર્મેશના પ્રકરણમાં મોઢું સીવીને બેસી ગયો છે એ તો સમજી શકાય એવી વાત છે કારણ કે જો જતીન-ધર્મેશના પ્રકરણોમાં પગલા લેવામા આવશે તો રેલો આજે નહી તો કાલે ગદ્દારના પગ તળે આવવાનો જ છે એટલે આ કૌભાંડ પર ગદ્દાર તો પડદો પાડવાના જ ત્રાગાઓ કરતો રહેશે, પરંતુ શેરહોલ્ડર્સે ચેતવાની જરૂર છે અને જોવુ જોઈએ કે આ કાંડમાં નરેશની ભુમિકા શું છે?

## આદિપુરવાળા શખ્સનો ૧ વીડીયો ચડયો છે ભારે ચર્ચાના ચગડોળે..!

ગાંધીધામ : આદીપુરના એક શખ્સનો વીડીયો બે દીવસથી ખુબ વાયરલ થવા પામ્યો છે. આ બાબતે જાણકારોમાથી મળતી વધુ વિગતો અનુસાર આદિપુરના એક નાગરીકનો શહેર સંકુલમાં ફરતો થયેલો વીડીયો ચર્ચાના ચકડોળે ભારે ચડવા પામ્યો છે. આ વીડીયોમાં તેઓએ સાથી જમીન દલાલોને આહવાન કર્યુ છે કે ગુલામી વાળી માનસીકતામાથી બહાર આવવુ પડશે. ન્યાયાલય સિવાય કોઈ ઉકેલ નથી. રોજેરોજ ફેલાવાતી અફવાઓ-વાયદાઓનો શિકાર થવાનું બંધ કરો. છ માસ પહેલા હું પ્લોટ ખાલી કરાવી દઈશનું કહેનારા આજે કયાં છે? આ તો વેધક પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે? તથા જુઠ્ઠાણાઓ તરફ મોટો અંગુલીનિર્દેશ પણ કર્યો છે. આ ઉપરાંત નાના વેપારીઓને હેરાન કરવામાં આવતા હોવા પાછળના ખેલ તરફ પણ ઈશારો કરવામા આવ્યો છે.

# દિલ્હીમાં ૭મા માળે લાગી ભયંકર આગ

**બચવા માટે ૩થી વધુ લોકો ઉપરથી નીચે કૂદી પડ્યા**



(એજન્સી દ્વારા) નવી દિલ્હી : દિલ્હીના દ્વારકા સેક્ટર-૧૩માં આજે સવારે એક ઈમારતના સાતમા માળે આગ લાગી હતી. આગ એટલી ભયંકર હતી કે ઘણા લોકો ઉતાવળમાં ઈમારત પરથી નીચે કૂદી પડ્યા હતા. બિલ્ડિંગમાંથી નીચે પડનારાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

એવું કહેવામાં આવ્યું હતું કે ફાયર બ્રિગેડ ટીમને સવારે લગભગ ૧૦ વાગ્યે સ્ઈફ સ્કૂલ નજીક એક ઈમારતના સાતમા માળે આગ લાગી હોવાની માહિતી મળી હતી.


આગની માહિતી મળતાં, ફાયર બ્રિગેડની આઠ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાનું કામ શરૂ કર્યું હતું. હાલમાં આગ ઓલવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ, DFS અધિકારીએ જણાવ્યું હતું કે, હાલમાં આગ ઓલવવાનું કામ ચાલી રહ્યું છે. આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# ટ્રક ચોરીના ગુનામાં ૨૦ વર્ષથી ફરાર આરોપી પકડાયો



ગાંધીધામ : શહેરના એ ડિવિઝન પોલીસમાં નોંધાયેલા ટ્રક ચોરીના ગુનામાં ૨૦ વર્ષથી ફરાર આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે સચોટ બાતમીના આધારે રાજસ્થાનના બાડમેરના ૫૦ વર્ષિય હકારામ ઉર્ફે હકીમ રાણારામ મીરાશી નામના શખ્સને ઝડપી લીધો હતો. એ ડિવિઝન પોલીસ દ્વારા ભુજથી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ કામગીરીમાં પીઆઈ એમ.ડી. ચૌધરી, પીએસઆઈ એમ.એચ. જાડેજા અને પોલીસ સ્ટાફ જોડાયો હતો.



રાજાધિરાજ માધવરાયજીને નિર્જલા એકાદશી નિમિત્તે આમ્રોત્સવ ભક્ત મંડલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

# નગા વલાડિયામાં આયોજિત મહિલા ક્રિકેટ ટુર્નામિન્ટમાં કણબીસ ઈલેવન ચેમ્પિયન

અંજાર : તાલુકાના નગા વલાડિયા ખાતે આયોજિત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટનો ફાઈનલ જંગ કણબીસ ઈલેવન અને સ્પીડી ગર્લ્સ વચ્ચે રમાયો હતો, જેમાં કણબીસ ઈલેવન ચેમ્પિયન થઈ હતી. સ્પીડી ગર્લ્સને રનર્સઅપનો ખિતાબ અપાયો હતો. સ્પર્ધાના મુખ્ય સ્પોન્સર તરીકે નિલકંઠ ગ્રુપ ઓફ કંપનીઝ, નિલાગ્રી પ્રેસ પ્રાઈવેટ લીમીટેડ, મીલકન ઈન્ડીયા એસઆરકે ઈન્સ્ટિટ્યુટ રહ્યા હતા. જમનામા સ્પોર્ટસ ટ્રસ્ટના પ્રમુખ મિહિરપભાઈ તેજાભાઈ કાનગડ અને નગા વલાડિયા સરપંચ દેવઈબેન કાનગડના હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું.પ્લેયર ઓફ ધ મેચ મીરા ભુડિયા, સેકન્ડ પ્લેયર ઓફ ધ મેચ ટીશા ગોર, બેસ્ટ કિપર સરસ્વતી કનોજીયા, બેસ્ટ ફિલ્ડર ટીશા ગોર, બેસ્ટ બોલર આવૃત્તિ ભોજાણી, બેસ્ટ બેટર પૂનમ કનોજિયા અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પૂજા મરંડ ઉપરાંત વિનર અને રનર્સઅપ ટીમને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.સમગ્રર ટુર્નૉમેન્ટનું સંચાલન હર્ષદ ચોથાણી અને નીલકંઠ ઈન્ફ્રાટેક ટીમ મેનેજમેન્ટ સંભાળયુ હતું





# ઈઝરાયેલે ગાઝામાં જહાજ સાથે થનબર્ગની અટકાયત કરી

નવી દિલ્હી : ગાઝામાં ભૂખમરાનો સામનો કરી રહેલા લોકો માટે માઠા સમાચાર છે. પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ તેમજ અન્ય ૧૧ લોકો સાથેનું મેડલીન જહાજ રાહત સામગ્રી સાથે ગાઝામાં પ્રવેશે તે પૂર્વે જ તેને ઈઝરાયેલે અટકાવ્યું છે અને તમામને અટકમાં લઇ લીધા છે. ફ્રીડમ ફ્લોટિલા સંગઠન દ્વારા સંચાલિત આ જહાજને કોઈપણ ભોગે ગાઝામાં નહીં પ્રવેશ આપવા રવિવારે ઈઝરાયેલે જણાવ્યું હતું. ગાઝાથી લગભગ ૨૦૦ કિ.મી.ના અંતરે આંતરરાષ્ટ્રીય જળસીમામાં જ જહાજને અટકાવાયું હતું.ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, સેલિબ્રિટીઝ સાથેનું આ જહાજ માત્ર એક સ્ટન્ટ છે અને તેને ઈઝરાયેલના કાંઠે લઈ જવામાં આવી રહ્યું છે.

બીજીતરફ ફ્રીડમ ફ્લોટિલા સંગઠને જહાજને ઈઝરાયેલ દ્વારા ગેરકાયદે રોકવાનો અને તેમાં રહેલા કાર્યકરોને કિડનેપ કર્યાનો આક્ષેપ કર્યો હતો. જહાજમાં રહેલા કાર્યકરોને ઈઝરાયેલના પોર્ટ શહેર અશદોદ ખાતે લઈ જવામાં આવ્યા હોવાની સંભાવના છે. ઈટાલીના સિસિલીથી ૧ જૂનને રવિવારે મેડલીન નામનું જહાજ રવાના થયું હતું. સ્વીડનની પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ સહિત ૧૨ લોકો તેમાં સવાર હતા. આ જહાજ ગાઝામાં ભૂખથી ટળવળતા લોકો માટે અનાજ, ફળો, દવાઓ, બાળકો માટે દૂધ, કૃત્રિમ અંગો તથા વોટર પ્યૂરિફાયર જેવી રાહત સામગ્રી લઈને ગાઝા પહોંચવાનું હતું. ઈઝરાયેલે ત્રણ મહિનાથી ગાઝાના દરેક માર્ગ પર જડબેસલાક નાકાબંધી કરી છે.

ઈઝરાયેલના અશદોદ નજીક પરોઢીયે જહાજને રોકીને કાંઠે લાંગર્યા બાદ તમામ કાર્યકરોને ઉતારીને અજ્ઞાત સ્થળે લઈ જવાયા હતા.

# રશિયાએ ૫૦૦ ડ્રોન, ૨૦ મિસાઈલથી યુક્રેન પર ભીષણ હુમલો કર્યો

(એજન્સી દ્વારા) કિવ : છેલ્લાં આશરે ત્રણથી વધુ વર્ષથી ચાલી રહેલું રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વધુ આક્રમક બની રહ્યું છે.

રશિયાએ રવિવારે મોડી રાત્રે યુક્રેન પર ૫૦૦ જેટલાં ડ્રોન અને ૨૦થી વધુ મિસાઈલથી અત્યાર સુધીનો સૌથી ભીષણ હુમલો કર્યો હતો. આ અંગે માહિતી આપતાં યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રશિયા દ્વારા રવિવારે મોડી રાતથી સોમવાર સવાર દરમિયાન ૪૭૯ ડ્રોન્સ અને ૨૦ મિસાઈલથી યુક્રેનના વિવિધ સ્થળોએ હુમલો કરાયો હતો. જોકે યુક્રેનના વાયુદળના જણાવ્યાં અનુસાર, તેમની એર ડીફેન્સ સિસ્ટમે ૨૭૭ ડ્રોન્સ અને ૧૯ મિસાઈલ્સને હવામાં જ આંતરી તેને નષ્ટ કર્યા હતાં.

રશિયાએ છોડેલાં માત્ર ૧૦ ડ્રોન્સ જ ટાર્ગેટ પર હુમલો કરવામાં સફળ રહ્યાં હતાં. આ ડ્રોન હુમલામાં એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમીર ઝેલેન્સ્કીએ આ હુમલાં અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, રવિવારે મોડી રાત્રે સ્થિતિ ઘણી મુશ્કેલ હતી. જોકે તેમણે અન્ય કોઈ વિગતો આપી નહોતી. દરમિયાનમાં યુક્રેનિયન જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે, યુક્રેનના વાયુદળે, યુક્રેનની સરહદથી ૬૫૦ કિ.મી.ના અંતરે આવેલા રશિયાના નોવગોરોડમાં સ્થિત સાવસ્લેયકા એરફિલ્ડ પર હુમલો કરી રશિયાના બે ફાઈટર જેટ નષ્ટ કર્યા હતાં. જોકે રશિયા દ્વારા યુક્રેને કરેલા આ દાવાની કોઈ પુષ્ટી કરાઈ નહોતી.

# ગુજરાતના લોકોમાં સહકારનો વારસો, સહયોગ અને સેવા ભાવના છે, એ જ રાષ્ટ્રની પ્રગતિનો માર્ગ છે : આચાર્ય દેવવ્રતજી



ગાંધીનગરઃ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આજે રાજભવન-ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં “સહકારથી સમૃદ્ધિ સંમેલન” યોજાયું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી તેમજ સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલન પૂર્વે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ સંમેલન અંતર્ગત વિવિધ સહકારી મંડળીઓ દ્વારા લગાવવામાં આવેલી પ્રદર્શનીની મુલાકાત લઈને મંડળીના પ્રદર્શનકારો સાથે પ્રત્યક્ષ સંવાદ સાધ્યો હતો.

સહકારથી એક શ્રેષ્ઠ વિશ્વનું નિર્માણ થાય છે’; આ થીમ સાથે આયોજિત સંમેલનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સહકારી આગેવાનોને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારની ભાવના રહેલી છે. અહીંના નાગરિકો માત્ર પોતાની પ્રગતિ માટે જ નહીં, પરંતુ પોતાની સાથેના લોકોની ઉન્નતિ માટે પણ કાર્ય કરે છે.

તેમણે કહ્યું કે, દુનિયામાં એ જ લોકો સારા અને ઉમદા ગણાય છે, જે પોતાની સાથે અન્ય લોકોના કલ્યાણની ચિંતા કરે છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ગુજરાતના લોકો સહકારના બળ પર નિરંતર આગળ વધતા રહ્યા છે અને એનું જીવંત ઉદાહરણ છે – અમૂલ ડેરી. ગામડાંથી શરુ થયેલી નાની ડેરી આજે વિશ્વ કક્ષાએ ઓળખ મેળવી ચૂકી છે. તેમણે સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ પ્રતિનિધિઓને આહવાન કર્યું કે કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ કે અન્ય કોઈપણ ક્ષેત્રમાં સહકાર દ્વારા નવી તકો ઊભી કરી, રોજગારીનું સર્જન કરો અને લોકોના જીવનમાં સુધારો લાવવાનો સંકલ્પ લો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશે.

# આંચકીનો રોગ કાબુ બહાર જાય એ પહેલા સારવારથી અનેક વ્યાધિમાંથી બચી શકાય

**ભુજમાં અદાણી સંચાલિત મેડિકલ કોલેજ અને કે.ડી. હોસ્પિટલ અમદાવાદ ઉપક્રમે એપીલેપ્સી રોગ અને ઓક્રોલોજી સર્જરી ઉપર વ્યાખ્યાન માળા યોજાઈ**



ભુજ : મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા રેસિડેન્ટ્સ પોસ્ટ ગ્રેજ્યુએટ વિધાર્થીઓ આધુનિક સંશોધન અને નવી ટેક્નોલોજીથી વાકેફ થાય એ માટે અદાણી સંચાલિત ગેઈમ્સ અને અમદાવાદ સ્થિત કે.ડી. હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજિત વ્યાખ્યાન માળામાં (ગેસ્ટ લેક્ચર) એપીલેપ્સી એટલે કે આંચકી અને વાઈ તેમજ સર્જીકલ ઑક્રોલોજી ઉપર અમદાવાદના સુપર સ્પેશિયાલિસ્ટ તબીબોએ રિસર્ચ ઉપર ઊંડાણ પૂર્વક છણાવટ કરી હતી.

ડો.અભિષેક ગોહેલે જણાવ્યું કે, વાઈ, આંચકી કે એપીલેપ્સી મગજનો એવો રોગ છે, જેમાં પીડિત તાત્કાલિક તબીબ પાસે પહોંચે તો અનેક વ્યાધિમાંથી બચી જાય, પરંતુ રોગ જ્યારે કાબુ બહાર જાય પછી જ ડોક્ટર પાસે જાય છે, ત્યારે ખૂબ મોડું થયું હોય છે. વાઈના દર્દીને વીડિયો ઈઈજી દ્વારા ઓબ્ઝર્વેસનમાં રાખવાથી પૂરેપૂરૂ નિદાન થઈ શકે છે.

ડો.ગોપાલ શાહે કહ્યું કે, આ રોગ ઘેંટાઈ જાય પછી દવાની મારક ક્ષમતા ઓછી થઈ જાય છે અંતે શસ્ત્રક્રિયા જ વિકલ્પ બચે છે. વિડિયો નિદર્શન દ્વારા મગજ અને શરીર ઉપર પડતી એપિલેપ્સીની અસર સમજાવી ઓપરેશનના અંશો દર્શાવ્યા હતા. વાઈના દર્દીને ઓબ્ઝર્વેસનમાં રાખવાથી પૂરેપૂરું નિદાન થઈ શકે છે.

ડો.કુશ શાહે શરીરમાં ઉદભવતા તમામ પ્રકારના કેન્સર અંગે તાજેતરમાં થયેલા સંશોધન અને પ્રગતિની માહિતી આપી ઉમેર્યું કે, કેન્સર સર્જરી હવે આધુનિક મોડ ઉપર છે, જેનો સીધો લાભ કેન્સરગ્રસ્તને થઈ રહ્યો છે. ઉપરાંત કોસ્મોટિક અને પ્લાસ્ટિક સર્જરી દ્વારા સર્જરીના નિશાન મિટાવી શરીરના દેખાવને યથાવત રાખવામાં સફળતા મળી છે.

અદાણી મેડિકલ કોલેજના ડીન ડો. એ.એન. ઘોષના હસ્તે નિષ્ણાતોને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડિસિન વિભાગના ડો. દેવિકા ભાટ, ડો. વિનાયક ચૌહાણ, ઈમરજન્સી મેડિસિનના ડો. સંકેત પટેલ અને એનેસ્થેટિક ડો.જલદીપ પટેલ સહિત મેડિકલ અને સર્જરી ક્ષેત્રના રેસિડેન્ટ્સ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગળપાદરમાં ગાંજો વેચવા નિકળેલા ત્રણ શખ્સો ઝડપાયા

**૧૯ કિલો ગાંજા સહિતનો મુદામાલ કબ્જે કરાયો**

ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લામાં ડ્રગ્સ નાબુદીની ઝુંબેશ અંતર્ગત એ ડિવિઝન પોલીસે ગળપાદરમાં દરોડો પાડી ગાંજો વેચવા નિકળેલા ત્રણ શખસોને ઝડપી લીધા હતા.

આ બાબતે મળતી વિગતો મુજબ એ ડિવિઝન પોલીસે ગળપાદરના સહારાનગરમાં પ્લોટ નંબર બી-૧૫૯માં દરોડો પાડયો હતો. જ્યાં આરોપી હરપાલસિંહ અજીતસિંહ જેઠવા, વર્ધમાનનગરના જોગેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા અને કાર્ગો ઝુપડા મનોજ ભાગવત શર્માની અટક કરવામાં આવી હતી. આરોપીઓ પોતાના આર્થિક ફાયદા માટે ગાંજો વેચવા નિકળ્યા હતા. તેઓ પાસેથી ૧૯.૨૭૪ કિલો ગાંજો કિંમત રૂપિયા ૧,૯૨,૭૪૦નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૫૦ હજારની એક્ટિવા નંબર જી.જે. ૩૯ ઈ ૭૮૯૨ તેમજ પ્લાસ્ટિકની કોથળીઓ, સુટકેસ, રોકડા મળી કુલ ૩,૭૫,૪૪૦નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પુછપરછ કરતાં આરોપીએ અનુ ઉડીયો નામના શખ્સ પાસેથી માલ લીધો હોવાની કબૂલાત આપવામાં આવી હતી. પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# અંજારમાં કષ્ટભંજન હનુમાનજી મહારાજ મંદિરનો પાટોત્સવ યોજાયો



અંજાર : અહી સહજાનંદ પાર્કમાં આવેલ કષ્ટભંજન હનુમાનજી મહારાજ મંદિરને એક વર્ષ પૂર્ણ થતા પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પાટોત્સવ નિમિતે પૂજા તેમજ હનુમંત યજ્ઞની વિધિ કરવામાં આવી હતી. હરિઓમ મઢીની સત્સંગી બહેનો દ્વારા સંગીતમય સુંદરકાંડનો પાઠ કરવામાં આવ્યા હતા. સાંજે મહાઆરતી કર્યા બાદ હનુમંત સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાયમલ ધામ અંજારના મહંત અને ભાગવતાચાર્ય ધનેશ્વરભાઈ જોષી દ્વારા અંજની પુત્રની ગાથા અને ગૌમાતા વિશેનું મહત્વ સમજાવ્યું હતું. લાલ ટેકરી હનુમાન મંદિરના મહંત મનીરામબાપુએ આશિર્વચન પાઠવવામાં આવ્યા હતા. ભારત વિકાસ પરિષદ કચ્છ પ્રાંતના પ્રમુખ અમિતભાઈ પટેલ દ્વારા શ્રીરામ પ્રત્યે હનુમાનજીની વિશેષ ભક્તિ વિશે સમજાવ્યું હતું. ખેડોઈના જીતુભા જાડેજા દ્વારા લોકોને ધાર્મિક કાર્યો અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા માટેની સમજ આપી હતી.

આ પ્રસંગે અંજાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિલ્પાબેન બુધ્ધભટ્ટી, હેમંતભાઈ શાહ, દિગંતભાઈ ધોળકિયા, જગદીશભાઈ કાપડી, દીપકભાઈ વાઘમશી, જિતેન્દ્રભાઈ ચોટારા, અલ્પેશભાઈ દરજી, આશિષભાઈ ઉદવાની, દિનેશભાઈ સોની, ધીરૂભાઈ પટેલ સહિતના હાજર રહ્યા હતા. સંતો, મહંતો તેમજ આગેવાનોને કષ્ટભંજન હનુમાનજી મહારાજના મહંત રમેશદાસજી સાધુએ આવકાર આપ્યો હતો. ત્રિકમદાસજી મહારાજ, કીર્તિદાસજી મહારાજ, રામચરણદાસજી મહારાજ, વસુમાં માતાજીએ શુભેચ્છાઓ પાઠવી હતી. પૂર્વ સંધ્યાએ અંજારના નામાંકિત કલાકારો દ્વારા સંતવાણીયોજાઈ હતી. વિધિ આચાર્ય કૃણાલ મારાજ દ્વારા સંપન્ન કરાવી હતી. આયોજનને સોસાયટીના રહેવાસીઓ તેમજ તમામ હનુમાન ભક્તો દ્વારા જહેમત ઉઠાવી હતી.

# ડ્રગ્સના ગુનામાં પેરોલ પર ફરાર આરોપીની ૩૪ વર્ષે ભાળ મળી

**ભુજ પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમ મૂળ સુધી પહોંચી ત્યારે જાણવા મળ્યું આરોપી ૫ વર્ષ પહેલા અવસાન પામ્યો હતો**

ભુજ : છેલ્લા ૩૪ વર્ષથી પાકા કામના પેરોલ જમ્પ પર ફરાર આરોપીની તપાસ દરમિયાન પોલીસ મૂળ સુધી પહોંચી હતી. જોકે, જાણવા મળ્યું કે, આરોપી પાંચ વર્ષ પહેલા મૃત પામ્યો હતો.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ભુજ સિટી પોલીસ સ્ટેશનમાં ૧૯૮૭ ના ડ્રગ્સનો ગુનો નોંધાયો હતો. જે બનાવમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૧૦ વર્ષની સજા કાપતા પાકા કામના કેદીએ તા.૧૭/૫/૧૯૯૧ ના સાત દિવસની પેરોલ રજા મેળવી હતી. મૂળ તેલંગાણાના અને હાલે છસરામાં રહેતા કાસમ નુરમામદ સુરંગી જેલમાં પેરોલ રજા પરથી હાજર થયો ન હતો. તપાસ કરતા તેની પત્ની જેનાબાઈએ લગ્નના એક વર્ષ પછી આપઘાત કર્યો હતો અને એક સંતાન હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારનો કોઈ સંપર્ક ન હતો. દરમિયાન જાણવા મળ્યું કે, તે રોમતબાઈને લગ્નના ઈરાદાથી અંજારથી ભગાડી તેલંગાણા લઈ ગયો હતો. જ્યાં બન્ને અલગ નામ ધારણ કરીને રહેતા હતા. કાસમે પોતાનું નામ અબ્દુલ રસીદ શેખ અને રામતબાઈએ પોતાનું નામ જુબેદાબેગમ ધારણ કર્યું હતું. પોલીસે અવાર-નવાર આરોપીના સાસરીમાં અને અન્ય જગ્યાએ તપાસ કરી પણ હકીકતો મળી ન હતી. દરમિયાન જાણવા મળ્યું કે, તેમનો દીકરો મહેબુબ અબ્દુલ રસીદ છસરા ગામે આવાનું છે. જેથી પોલીસે તપાસ કરી હતી. દરમિયાન તેની માતા તેલંગાણામાં હોવાથી પેરોલ ફર્લોના હેડ કોન્સ્ટેબલ કનકસિંહ ગોહિલે ત્યાં પણ તપાસ કરી જેમાં જાણવા મળ્યું કે, કાસમનું ફેફસાના કેન્સરના કારણે ૧૦/૩/૨૦૨૦ના અવસાન થયું હતું. પોલીસે તેના ભાઈને મળી ચકાસણી કરાવી પરિવારે મરણ સર્ટિફિકેટ રજૂ કરતા તેના આધારે સોગદનામું મેળવી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસના પ્રયાસોથી ૩૪ વર્ષે આરોપીના મૂળ સુધી પહોંચી શકાયું હતું. પશ્ચિમ કચ્છ પેરોલ ફર્લો સક્વોર્ડના પીઆઈ જે.કે. બારીયાના માર્ગદર્શનમાં ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

## પહેલા પાનાથી...

**મોદી સરકાર છે**

અન્ન યોજના અમલમાં મૂકીને ૨૫ કરોડ લોકોને ગરીબી માંથી બહાર લાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ ના ૧૧ વર્ષ પૂર્ણ થવા પર ગુજરાત અને ગુજરાતની જનતા વતી અભિનંદન આપતા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે આ ૧૧ વર્ષ તેમનો કાર્યકાળ ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે વિકાસનો દશક બન્યો છે. સર્વસમાવેશી નિરંતર અને પ્રગતિશીલ વિકાસથી દેશના સામાન્ય માં સામાન્ય માનવીનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે. તેમણે જણાવ્યું હતું કે દેશની આઝાદી ના સાત દાયકા પછી ૨૦૧૪માં એવા પહેલા વડાપ્રધાન મળ્યા જેમણે રાષ્ટ્રહિત પ્રથમ અંત્યોદયના ઉત્થાન માટે સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના કાર્ય મંત્ર સાથે પોતાની જીવનયાત્રા અઆગળ વધારી છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકસિત ભારત ૨૦૪૭ માં પણ ગુજરાતને હજુ વધુ વિકાસ કામોથી નવી દિશા સતત મળતી રહેશે તેવો સૌને વિશ્વાસ છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના**

સરળ સહિતની સિદ્ધિઓ રજૂ કરતી રંગોળી તૈયાર કરવામાં આવી હતી. રંગોળીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ વર્ષના સુશાસન દરમિયાન વિકસિત ભારતનો અમૃત કાળ સેવા સુશાસન ગરીબ કલ્યાણની વિગતો રંગોળી મા દર્શાવવામાં આવી હતી.૧૧ વર્ષ પૂર્ણ થતા સુશાસન ની ઉજવણીના ભાગરૂપે કમલમ કાર્યાલય ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈએ સુશાસનની ગાથાઓ રજૂ કરતી રંગોળીને નીદર્શન કરી ને ખૂલ્લુ મુકવામાં આવ્યું હતું.

**રાજ્યમાં ૧૮મી**

વિભાગના સોંપવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

**ભગવાન જગન્નાથની**

હવન વિધિ પણ કરાવવામાં આવી હતી.જનરલ દ્વીવેદીનું અહી તિર્થ પુરોહીત સમાજ દ્વારા સ્વાગત કરાયુ હતું. બાદમાં જનરલે પુજા સહિતની વિધિ કરી હતી. તેઓ લગભગ અડધો કલાક અહી મંદિરમાં રોકાયા હતા.તેઓએ બાબા કેદારનાથના દર્શને આવીને એક પરમ શાંતિનો અહેસાસ થતો હોવાનું જણાવ્યું હતું.

**દિલ્હીમાં વિદેશી**

મજબૂત બનાવવાનો છે.આ વાર્તાલાપનો વિષય ‘રોડ ટુ વિકસિત ભારત : કન્ટ્રિબ્યુશન ઑફ કેપિટલ માર્કેટ્સ ‘ હતો જેમાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં ભારતનાં મૂડીબજારોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

**જગતાત ચિંતીતઃ**

વાવેતર અને રોપણી કરી દીધી અને વરસાદ ખેંચાયો છે. ૨૨ જૂન સુધીમાં વરસાદ નહિ વરશે તો મગફળી–કપાસના પાક પર જોખમ તોળાઈ રહ્યું છે. ગુજરાતમાં ખરીફ ૨૦૨૫ ની વાવણી કામગીરી શરૂ થઈ ગઈ છે, પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૭૭,૦૬૭ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે, જે રાજ્યના સરેરાશ ખરીફ વાવણી (૮.૫૬ મિલિયન હેક્ટર) ના માત્ર ૦.૯૦% છે.

**ભારત-ચીન**

કે રશિયા-ભારત-ચીનની ત્રિપૂટી ફરી સાથે મળીને અટવાયેલા કામો પુનઃ શરૂ કરે. મારા મતે ભારત-ચીન વચ્ચેના તણાવમાં ઘટાડો થયો છે અને તે નોંધપાત્ર રીતે ઓછો થયો છે. દિલ્હી અને બેઈજિંગ વચ્ચે વાટાઘાટ થકી સરહદ પર સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. આ જ કારણથી રિક દેશો ફરીથી અટવાયેલા કામોને પાટા પર લાવે તે જરૂરી છે તેમ રશિયન સરકારની સમાચાર એજન્સી ટાસ સાથેની વાતચીતમાં લાવરોવે જણાવ્યું હતું.

# રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવને પડકાર : સ્ટાર ખેલાડી કેપ્ટન બનવાની રેસમાં કૂદ્યો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટમાં ક્યારેય એવું બન્યું નથી કે ત્રણ ફોર્મેટ માટે ત્રણ અલગ અલગ કેપ્ટન જોયા હોય. જો કે, હવે આ જોઈ શકાય છે. સૂર્ય કુમાર યાદવ ટી૨૦ ટીમનો હવાલો સંભાળી રહ્યા છે જ્યારે શુભમન ગિલને ટેસ્ટ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. રોહિત શર્મા હજુ પણ વનડે ટીમનો કેપ્ટન છે, પરંતુ તેમના ભવિષ્ય અંગે ઘણાં સવાલો છે. આ દરમિયાન, શ્રેયસ ઐયરે કેપ્ટનશીપ માટે પોતાનો દાવો રજૂ કર્યો છે.એક ઈન્ટરવ્યૂ શ્રેયસ ઐયર કહ્યું કે, ‘મને કેપ્ટનશીપ ગમે છે કારણ કે હું ખેલાડીમાં જવાબદારીની ભાવના લાવું છું. કેપ્ટનશીપ પરિપક્વતા અને જવાબદારી લાવે છે. તમારી પાસેથી હંમેશા ટીમમાં શ્રેષ્ઠ રીતે યોગદાન આપવાની અપેક્ષા રાખવામાં આવે છે કારણ કે જ્યારે તમે એક ટીમ તરીકે કોઈપણ સમસ્યાનો સામનો કરો છો, ત્યારે ટીમ કેપ્ટન પાસે જાય છે. મને લાગે છે કે મને કેપ્ટનશીપનો ઘણો અનુભવ છે કારણ કે હું ૨૨ વર્ષની ઉંમરથી કેપ્ટનશીપ કરી રહ્યો છું. મને ખુશી છે કે હું કેપ્ટનશીપ કરી શકું છું અને ટીમનું નેતૃત્વ વધુ સારી રીતે કરી શકું છું.’ જ્યારે ઐયરને દબાણનો સામનો કરવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, “હું ફક્ત મારા જોનમાં રહેવાનો પ્રયાસ કરું છું અને મારી સામે જે હોય છે તે કરું છું. હું શક્ય તેટલું ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરું છું. હું વર્તમાનમાં રહું છું અને પરિસ્થિતિ અનુસાર કામ કરું છું.”પંજાબ કિંગ્સે તાજેતરમાં જ શ્રેયસ ઐયરની કેપ્ટનશીપમાં IPL-૨૦૨૫ની ફાઈનલ રમી હતી.

# આરોગ્ય વીમાના પ્રીમિયમ પર જીએસટીને મુદ્દે જીએસટી કાઉન્સિલની હવે થનારી બેઠકમાં નિર્ણય લઈ લેવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : આરોગ્ય વીમા અને મુદતી વીમાના પ્રીમિયમ પર જીએસટી લેવાને મુદ્દે જીએસટી કાઉન્સિલની આગામી બેઠકમાં નિર્ણય લઈ લેવામાં આવે તેવી સંભાવના છે. આ મુદ્દે ગ્રુપ ઓફ મિનિસ્ટર તેની જૂની ભલામણોને યથાવત જાળવી રાખે તેવી સંભાવના છે.

તેમાં કોઈ જ ફેરફાર કરવા માગતા હોવાનો નિર્દેશ તેમણે આપ્યો નથી.અત્યારે આરોગ્ય વીમા અને મુદતી વીમાના પ્રીમિયમ ૧૮ટકાના દરે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે.

પરિણામે ૬૦ વર્ષ વીતાવી ચૂકેલા સિનિયર સિટીઝન કે પછી ૮૦ વર્ષની વય વટાવી ચૂકેલા સુપર સિનિયર સિટીઝન વીમાના પ્રીમિયમ ભરી જ શકતા નથી, કારણ કે વીમાના પ્રીમિયમ પર ૧૮ટકા જેટલો ઊંચો જીએસટી લેવામાં આવી રહ્યો છે. તેથી કેન્દ્ર સરકાર આરોગ્ય વીમા અને મુદતી વીમાના પ્રિમિયમ પરનો જીએસટી દૂર કરવાની ફિરાકમાં જ છે. અઢાર ટકા જીએસટી નીકળી જાય તો વીમા લેવા લોકોને પરવડતા થશે. તેમ જ વીમાનો આશરો લેનારાઓની સંખ્યામાં પણ વધારો થવાની ધારણા છે.આરોગ્ય વીમાના પ્રીમિયમ પરના જીએસટીના દર અંગે ઘણાં વરસોથી વિવાદ ચાલી રહ્યો છે.

સંસદનું ચોમાસું સત્ર મળે તે પહેલા જ જીએસટી કાઉન્સિલની થનારી બેઠકમાં પ્રસ્તુત વિવાદ અંગે ફાઈનલ નિર્ણય લઈ લેવામાં આવે તેવી સંભાવના છે. ગ્રુપ ઓફ મિનિસ્ટરે આ મુદ્દે અભ્યાસ અને વિશ્લેષણ કરીને જીએસટી કાઢી નાખવાની ભલામણ કરેલી છે.

# અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ સામે કેસઃ લોસ એન્જલસમાં સૈનિકો મોકલવાનો વિરોધ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકાના લોસ એન્જલસમાં ઈમિગ્રેશનના કાયદાઓ વિરુદ્ધ હિંસક દેખાવો થઈ રહ્યા છે. જે બાદ ડોનાલ્ડ ટ્રમ્પે બે હજાર નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના આદેશ આપ્યા હતા. જોકે ડોનાલ્ડ ટ્રમ્પ સામે જ કેસ કરી દેવાયો છે. રાજ્યના ગવર્નરનું કહેવું છે કે કાયદો વ્યવસ્થા સંભાળવામાં તેઓ સક્ષમ છે અને ટ્રમ્પે તેમાં દખલ આપવાની જરૂર નથી.

કેલિફોર્નિયાના અધિકારીઓ નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. રાજ્યના અધિકારીઓ કહી રહ્યા છે કે નેશનલ ગાર્ડ તૈનાત કરવાનો નિર્ણય ગેરકાયદે છે અને તેના કારણે જ પરિસ્થિતિ વધુ તનાવપૂર્ણ બની રહી છે. કેલિફોર્નિયાના એટોર્ની જનરલ રોબ બોનટાએ સોમવારે કેસની જાણકારી આપતા કહ્યું, કે ‘ડોનાલ્ડ ટ્રમ્પે તમામ હદો પાર કરી દીધી છે. તેમણે ગવર્નર ગેવિન ન્યૂસમની સંમતિ વિના જ સૈનિક તૈનાત કરવાના આદેશ આપ્યા. રાષ્ટ્રપ્રમુખ જાણી જોઈને દેશમાં અરાજકતા અને સંકટ પેદા કરી રહ્યા છે જેથી પોતાના રાજકીય હિત મેળવી શકે.’ કેસમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકામાં કોઈ વિશેષ પરિસ્થિતિમાં જ રાષ્ટ્રપ્રમુખને સૈનિક મોકલવાનો અધિકાર છે. એવો કોઈ વિદેશી હુમલો કે અમેરિકન સરકાર સામે બળવો હાલ નથી થઈ રહ્યો. જેથી ટ્રમ્પે સૈનિકો મોકલવાનો આદેશ આપી કાયદાનો દુરુપયોગ કર્યો છે.

કેલિફોર્નિયાના ગવર્નર ન્યૂસમે ટ્રમ્પ સરકારને પત્ર લખી સૈનિકો હટાવવાની માગ કરી છે. તેમણે કહ્યું છે કે, લોસ એન્જલસમાં નેશનલ ગાર્ડ્સની કોઈ જરૂર નથી.

# કચ્છમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ફોર્મ ચકાસણીનો ધમધમાટ


વિથોણ


ભુજ


રોહા


કોટડા

**ઉમેદવારો, પેનલના પ્રણેતા અને સમર્થકોની હાજરીમાં દરેક તાલુકા મથકે હાથ ધરાઈ કામગીરી : ગ્રામ પંચાયતને બીનહરીફ કરવા ગ્રામ્ય કક્ષાએ છેલ્લી ઘડીના મરણીયા પ્રયાસો : ગામડાઓમાં ખાટલા બેઠકોનો ધમધમાટ : બુધવારે અંતિમચિત્ર થશે સ્પષ્ટ**

ભુજ : ગ્રામ્ય સ્વરાજ્યની ચૂંટણી જંગમાં ગઈકાલે ફોર્મ ભરવાની અંતિમ મુદત પૂર્ણ થતા હવે ચૂંટણી તંત્ર ફોર્મ ચકાસણીની કામગીરીમાં પરોવાયું છે. આજે સવારથી કચ્છના તમામ તાલુકા મથકો પર ઉમેદવારોએ રજુ કરેલા નામાંકનપત્ર અને સાથે જોડેલા દસ્તાવેજી આધારોની ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે હાથ ધરાઈ રહેલી આ કામગીરીમાં સરપંચ અને સભ્ય પદના ઉમેદવારો, પેનલ પ્રણેતાઓ, સમર્થકોની હાજરીમાં ફોર્મ ચકાસણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. જિલ્લા મથક ભુજ ઉપરાંત અંજાર, રાપર, ભચાઉ, અબડાસા, નખત્રાણા, લખપત તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી પર ફરજ પરના ચૂંટણી અધિકારીઓ દ્વારા નામાંકનપત્રોની ચકાસણી હાથ ધરાઈ રહી છે. આ અંગેની વિગતો મુજબ કચ્છ જિલ્લામાં ૧૬૬ ગ્રામ પંચાયતો અને ૨૪૧ વોર્ડ માટેની પેટા ચૂંટણી માટે કુલ્લ ૨૯૭૭ ફોર્મ ભરાયા હતા. આજે તંત્ર દ્વારા ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. તો બીજીતરફ અમુક પંચાયતોને બીનહરીફ બનાવવા માટે છેલ્લી ઘડીના પ્રયાસો શરૂ થયા છે. ફોર્મ પરત ખેંચવા માટે હજુ આવતીકાલ સુધીની મુદત હોઈ ખાટલા બેઠકો સાથે અઢી - અઢી વર્ષની સત્તા વહેચણીની ફોર્મ્યુલા રજુ કરી સમજાવટના પ્રયાસો આગેવાનો દ્વારા થઈ રહ્યા છે. જે ગ્રામ પંચાયતોમાં જુજ જ ફોર્મ ભરાયા છે તેવી પંચાયતોને બીનહરીફ કરવા માટે આગામી ૨૪ કલાક મહત્વના બની રહેશે. આવતીકાલ સુધી ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચી શકશે જેથી અંતિમ ચિત્ર આવતીકાલે સાંજે સ્પષ્ટ થશે.

## રાપર ખાતે ચૂંટણી ફોર્મની ચકાસણી



રાપર : ભચાઉ પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકા મામલતદાર એચ.બી.વાઘેલા, નાયબ મામલતદાર બી.કે.કોરોટના વડપણ હેઠળ રાપર મામલતદાર કચેરી ખાતે અને તાલુકા પંચાયત કચેરી ખાતે ઉમેદવારોના ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ અંગે રાપર તાલુકા મામલતદાર એચ.બી.વાઘેલાએ જણાવ્યું હતું કે આજે બપોરે ત્રણ વાગ્યા સુધી ફોર્મ ચકાસણીની કામગીરી પૂર્ણ થશે. આવતીકાલે ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. રાપર તાલુકાની ૨૯ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તથા ૨૦ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાશે. હાલ વાગડ વિસ્તારમાં ચુંટણી માહોલ જોવા મળે છે.

# માંડવી તાલુકાની ૫૯ પંચાયતોમાં ૨૬૧ ઉમેદવારી ફોર્મ ભરાયા

માંડવી : તાલુકાની ૫૯ ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી કુલ ૨૬૧ ઉમેદવારી પત્રક રજુ થયા હતા. સરપંચ પદ માટે ૪૨ અને સભ્ય પદ માટે ૨૧૯ ઉમેદવારોએ નામાંકન દાખલ કર્યું હતું. સરપંચ પદ માટે સૌથી વધુ ફોર્મ નાગલપર ગામમાં ભરાયા હતા, ૬ દાવેદારોએ સરપંચ પદ માટે ફોર્મ રજુ કર્યા છે.

મોટા લાયજા, નાના ભાડિયામાં ચાર - ચાર, દુર્ગાપુર, કોડાય, કોજાચોરા અને પોલડિયામાં ત્રણ - ત્રણ, મોટી સાંભરાઈ, શેરડી, મોટા આસંબિયા અને મોટી ઉનડોઠ માટે બે - બે ફોર્મ ભરાયા હતા. સભ્ય પદ માટે લાયજામાં ૨૫, નાના ભાડિયામાં ૨૦ ફોર્મ રજુ થયા હતા.

નાની ખાખર, દેઢિયા, હાલાપર, ગાંધીગ્રામ અને મેરાઉ ગામોમાં એક - એક ઉમેદવારે સરપંચ પદ માટે ફોર્મ ભર્યું છે. ચૂંટણી જંગનું અંતિમ ચિત્ર બુધવારે ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ સ્પષ્ટ થશે.

## ભચાઉ તાલુકામાં સરપંચ પદ માટે ૩૦ ફોર્મ ભરાયા

ભચાઉ : તાલુકાની નવ ગ્રામ પંચાયત પૈકી વીજપાસર ગ્રામ પચાયત બીનહરીફ થતા આઠ ગ્રામ પંચાયત માટે ૨૨મી જુનના મતદાન થશે. ચૂંટણી ફોર્મ ભરવાના અંતિમ દિવસે તાલુકા પંચાયત કચેરીએ ફોર્મ ભરવા ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો હતો. સરપંચ પદ માટે ૩૦ અને સભ્ય પદ માટે ૧૨૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. કકરવામાં સરપંચ પદ માટે ૮, ગણેશપરમાં ૩, ઘરાણામાં ૬, લખપતમાં ૩, લાખાવટમાં ૨, જુના કટારીયામાં ૪ ફોર્મ ભરાયા હતા.

## મુંદરા તાલુકામાં ગ્રામ સુકાની બનવા ૯૨ ઉમેદવારોની દાવેદારી

મુંદરા : તાલુકાની ૨૬ ગામની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે કુલ્લ ૭૦ ફોર્મ ભરાયા હતા. આ સાથે સરપંચ પદ માટે કુલ્લ ૯૨ અને સભ્ય પદ માટે ૪૩૪ ઉમેદવારો નોંધાયા હતા. ત્રણ ગામોમાં સરપંચ પદ માટે એક એક ઉમેદવારોએ ફોર્મ રજુ કર્યા હતા. કુકડસર ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે ૩, લફરામાં ૪, હટડીમાં ૨, વાગુરામાં ૧, રતાડીયામાં ૪, મોટી ખાખરમાં ૪, કુંદરોડીમાં ૫, બગડામાં ૨, ગુંદાલામાં ૫, મોટા કાંડાગરામાં ૫, શીરાચામાં ૪, દેશલપર કંઠી - ૧, ટોડામાં ૨, ભોરારામાં ૨, ભદ્રેશ્વરમાં ૩, બેરાજામાં ૮, ભોપાવાંઢમાં ૨, ટુંડામાં ૭, ડેપામાં ૧, નવીનાળમાં ૬, રામાણીયામાં ૩, સાડાઉમાં ૩, મંગરામાં ૨, સમાઘોઘામાં ૨, બરાયામાં ૨ ઉમેદવારોએ ફોર્મ રજુ કર્યા હતા. જયારે શેખડીયા ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે એક પણ ફોર્મ રજુ થયું ન હતું.

## વટ સાવિત્રી પર્વ નિમિતે પૂજન







પોતાના પતિ સત્યદેવના પ્રાણ મૃત્યુના દેવતા યમથી પાછા લઈ આવવાની સાવિત્રીની કથાનો ઉલ્લેખ મહાભારતના ગ્રંથમાં જોવા મળે છે. આજે કચ્છભરમાં વટ સાવિત્રી વ્રતની ભક્તિભાવ ભેર ઉજવણી કરવામાં આવી હતી. સૌભાગ્યવતી મહિલાઓએ વડની પૂજા કરી પોતાના પતિના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. અંજારના દેવળિયા નાકે બગીચા પાસે હિતેશભાઈ પંડ્યા અને પુનિતભાઈ પંડ્યાએ બહેનોને શાસ્ત્રોક્તવિધિ અનુસાર પૂજન કરાવ્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

**ગાંધીધામનું કમનશીબ**

પાસેના નાળાની સ્થિતી તો જોઈ આવો, મનપાના એન્જીયર સાહેબ તો એસી ચેમ્બરથી બહાર જ નથી નીકળતા, અને તેની સામે અધિકારીઓ પણ કોઈ જ પ્રકારની લાલઆંખ ભરી કાર્યવાહી પણ ન કરતા હોવાથી મનપાના એન્જીનયરના તો બે હાથમાં લાડુ જ લાડુની સ્થિતી બની ગઈ હોવાનો દેખાય છે વર્તારો. જાણકારો કહી રહ્યા છે કે, ગાંધીધામમાં મનપા તો આવી પરંતુ સાથોસાથ હવે મહામુસીબતો પણ લાવી હોય તેવી સ્થિતી સર્જાયેલી છે. મનપામાં મોટા પેટવાળા અધિકારીઓ ગોઠવાઈ ગયા હોવાથી પણ આ સમસ્યાઓમાં ઓર વધારો થવાપામીરહ્યો છે. તેઓના પેટ છે કે પટારા, ભરાતા જ નથી, એક મુકી અને બીજી પ્રજાકીય યોજનાઓમાંથી કેવી રીતે પેટ ભરી લેવા તેની જ લ્હાયમાં પડયા રહે છે, અને સંકુલની સમસ્યાઓ જસની તસ જ રહી જવા પામતા અહીના પ્રજાજનો ત્રસ્ત બની જવા પામ્યા છે. -

ળ સે જળ યોજનામાં વાલ્વના જોડાણો જ નથી અપાયા, કરોડોના ભોપાળાઓ છે, આવા કુલડીમાં ગોળ ભંગાતા કાર્યોમાં તગડી રકમના કૌભાંડો આચરાઈ ગયા છે છતા પણ કોઈ જ કાર્યવાહી થતી નથી, અલબત્ત એકના એક કૌભાંડી ઠેકેદારોને વધુને વધુ કરોડોના ઠેકાઓ આપીને ભ્રષ્ટ લ્હાણી થઈ રહી હોવાનો વર્તારો દેખાય છે. ત્રસ્ત અસરગ્રસ્તો, ભોગગ્રસ્તો કહી રહ્યા છે કે, હવે આ જ મનપા તંત્ર અને અધિકારીઓનું વલણ-સત્તા-વર્તન હોય તો, તેના કરતા તો નગરપાલિકા જ અનેકગણી સારી ન હોતી..? એવો સવાલ કરી રહ્યા છે? કહી રહ્યા છે કે મનપા લાવીને સંકુલવાસીઓ તો કયાંક ને કયાંક છેતરાઈ ગયા હોય તેવી સ્થિતીનુ નિર્માણ થવા પામી ગયું છે.

# અંજારના રોટરી નગરમાં પોલીસની ધાકથી આરોપીએ સ્વૈચ્છાએ દબાણ તોડ્યું





**અંજાર વિસ્તાર વિકાસ સત્તા મંડળની જમીન પર પોતાના રહેણાક માટે બનાવ્યું હતું મકાન**

**ભુજમાં આવી કાર્યવાહી ક્યારે થશે ?**

ભુજમાં ભાડા હસ્તકની જમીન પર દબાણો થયા છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા વિકરાળ છે ત્યારે પાર્કિંગ માટે અનામત રાખેલા પ્લોટો પર પણ દબાણ થયા છે. અવાર-નવાર રજૂઆતો થતી હોવા છતાં નગરપાલિકા હોય કે અન્ય કોઈ તંત્ર માત્ર રોડ પર લારી-રેંકડી હટાવી સંતોષ માની લેવામાં આવે છે. પાકા દબાણો હજુ સુધી દૂર થયા નથી. ભુજમાં પાણીના વહેણ પર થતા પાકા બાંધકામો તોડવા માટે સૂચના હોવા છતાં ભાડા કે નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી. અગાઉ આરોપીઓના ગેરકાયદે દબાણ તોડવાની ઝુંબેશ થઈ ત્યારે પણ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી. ભુજ જિલ્લા મથક હોવા છતાં સરકારી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આળસ બતાવવામાં આવતી હોય તેવું ચિત્ર જોવા મળે છે.



અંજાર : પૂર્વ કચ્છના અંજાર વિસ્તારમાં પોલીસની ધાકથી વધુ એક આરોપીએ પોતાનું દબાણ દૂર કર્યું છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ અંજાર સીમમાં રોટરીનગર વીડી રોડ પર રહેતા આરોપીએ અંજાર વિસ્તાર વિકાસ સત્તા મંડળના રેવેન્યુ સર્વે નં.૪૩ ના પ્લોટ પર પોતાના અંગત વસવાટ અને ગુનો આચરવા માટે મકાન બનાવ્યું હતું. પોલીસની ધાકથી આરોપી મુસ્તાક ઉર્ફે મુસીયો નજમુદ્દીન બાયડે આ દબાણ સ્વૈચ્છાએ હટાવ્યું હતું. આરોપી સામે હત્યાના પ્રયાસ, રાયોટીંગ, દારૂ, મારામારી સહિતના ગુના નોંધાયેલા છે. આ કાર્યવાહી આડાની ૨૨૨.૭૫ સ્કવેર મીટર જમીન ખુલી થઈ હતી. બાંધકામની કિંમત છ લાખ અને પ્લોટની કિંમત ૧૬ લાખ મળી કુલ ૨૨ લાખની કિંમતી જમીન દબાણ મુક્ત કરવામાં આવી છે. પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર અને ડીવાયએસપી મુકેશ ચૌધરીના માર્ગદર્શનમાં અંજાર પીઆઈ એ.આર. ગોહિલ અને ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપીએ રોડ ટચ જમીન પર મકાન બનાવ્યું હતું. જે સ્વૈચ્છાએ તોડી પાડ્યું હતું. મકાન તોડતી વખતે પોલીસ અને પીજીવીસીએલ સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# મુંબઈની ટ્રેનમાં ઉતરી ભુજમાં દારૂ સપ્લાય કરે તે પહેલાં યુવકને દબોચી લેવાયો

**ભુજના રેલવે સ્ટેશન પાસેથી કેમ્પ એરિયાના શખ્સને પકડી ૬૩ હજારનો કિંમતી દારૂ કબજે કરાયો**



ભુજ : ભુજ-મુંબઈની ટ્રેનમાં અવાર-નવાર દારૂની હેરાફેરીની ફરિયાદો સામે આવે છે. ઘણી વખત રેલવે પોલીસના ચેકિંગમાં એકાદ-બે બાટલીઓ સાથે શખ્સો પકડાય પણ છે. ઘણી વખત ચેકિંગ હોય ત્યારે દારૂ ભરેલા થેલા ટ્રેનમાં જ મુકી દેવામાં આવતા હોય છે. આ વચ્ચે આજે સવારે સચ્ચોટ બાતમીના આધારે એલસીબીએ રેલવે સ્ટેશનની બહાર વોચ ગોઠવી દારૂ સાથે યુવકને ઝડપી લીધો હતો. રેલવે સ્ટેશનથી ભીડનાકા જતા રોડ પર જેષ્ઠાનગરના શાળા નં.૬ પાસે રહેતા રાજકુમાર રવીલાલ દાવડાને ઝડપી લેવામાં આવ્યો હતો. તે મુંબઈથી ટ્રેન મારફતે મોટી ટ્રોલી બેગમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવ્યો હતો. આ દારૂ સગેવગે તે પહેલાં દારૂ સાથે યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. તેના કબજામાંથી ૬૩,૩૭૫ ની કિંમતની દારૂની ૬૨ બોટલ કબજે કરવામાં આવી હતી. આરોપી સામે બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અવાર-નવાર મુંબઈ-દિલ્હીની ટ્રેનોમાં પેસેન્જરની આડમાં દારૂની હેરાફેરી થતી હોય છે. ખરેખર રેલવે પોલીસે સ્ટેશન પર ચેકિંગ ઉપરાંત કોચમાં તપાસ કરવી જોઈએ પરંતુ રેલવે પોલીસ નિષ્ક્રિય હોય તેમ અવાર-નવાર દારૂની હરાફેરી થાય છે. આ કિસ્સામાં આરોપી દારૂની બેગ લઈને બહાર આવી ગયો હતો ત્યારે એલસીબીએ ઝડપી લીધો હતો.

ખરેખર રેલવે સ્ટેશનમાં આરપીએફ દ્વારા કેવા પ્રકારનું ચેકિંગ કરવામાં આવે છે તેની પણ પોલ પાધરી થઈ છે.

# ચાલુ ગાડીએ મોબાઈલના વપરાશથી ચાર વર્ષિય બાળકનો જીવ ગયો

**માંડવીના બાયઠ પાસે ઈકો ગાડી ટ્રકમાં ઘૂસી જતા બાળકનું મોત : માતા-પિતા, પુત્રીને ઈજા**

ભુજ : અવાર-નવાર પોલીસ અને આરટીઓ દ્વારા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા જાગૃત્તિ કાર્યક્રમોમાં ટકોર કરવામાં આવે છે કે, ચાલુ ડ્રાઈવિંગ વખતે મોબાઈલનો ઉપયોગ કરવો ન જોઈએ પરંતુ ઘણા ચાલકો ઓવર કોન્ફિડેન્સમાં ચાલુ ગાડીએ મોબાઈલનો વપરાશ કરે છે. આવી જ એક ઘટનામાં માંડવીના બાયઠ પાસે ચાર વર્ષિય બાળકનો જીવ ગયો હતો, જ્યારે ત્રણ લોકોને ઈજાઓ થઈ હતી. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ અબડાસાના નલિયામાં રહેતા મૂળ બિહારના મોહમદ શકલૈન મોહમદ સતાર નડાફે આ બાબતે ગઢશીશા પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, માંડવીથી નલિયા જતા હાઈવે રોડ પર બાયઠ ગામ પાસે આ બનાવ બન્યો હતો. તેઓ પરિવાર સાથે ઈકો ગાડી નં.જીજે૧૨ - એફડી - ૯૯૦૪ મા બસી માંડવી ફરવા જતા હતા ત્યારે ઈકો ગાડીનો ચાલક ભધરા વાંઢનું ઉમર હુશેન મોકરશી ચાલુ ડ્રાઈવિંગે વારંવાર મોબાઈલ જોતો હતો અને આ દરમિયાન ચાલુ કારમાં પોતાના બન્ને હાથ પરથી સ્ટીયરીંગ હટાવી પોતાના મોબાઈલને ચાર્જમાં લગાવવા જતા ગાડી રસ્તા પરથી ઉતરી ગઈ અને ઊભેલી ટ્રકમાં ભટકાતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં ચાર વર્ષિય દીકરા ખુશનૈનને ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું, જ્યારે ફરિયાદીના પત્ની રૂબીનાબેન, દીકરી યાશ્મીન અને ફરિયાદીને ઓછીવતી ઈજાઓ થઈ હતી જે બાબતે ગઢશીશા પોલીસમાં ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ અકસ્માત ડ્રાઈવરની બેદરકારીના કારણે થયો હતો. જે ખુબ ગંભીર ઘટના છે.

**લગધીરગઢ પાસે બાઈક સ્લીપ થતા ચાલકનું મોત**

ભુજ : ભચાઉ તાલુકાના લગધીરગઢ ગામના તળાવ પાસે આવેલ ગોલાઈ પર બાઈક સ્લીપ થતા ચાલકનું મોત થયું હતું. બાઈક નં.જીજે૩૯ - એફ - ૩૫૮૧ લઈને ચાલક લગધીરગઢનો ધ્રવેશ રણમલભાઈ કોલી જતો હતો એ દરમિયાન બાઈક સ્લીપ થતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. મહેશ ખેતા કોલીને પગમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થવા પામી હતી. સામખિયાળી પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# શેરબજારમાં ઉંચા વળતરની લાલચે ભુજના ડોક્ટરે ૪૧ લાખ ગુમાવ્યા

**બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

ભુજ : શેરબજારમાં ઓનલાઈન ટ્રેડિંગ કરી ઉંચા વળતરની લાલચે ભુજના ડોક્ટરે ૪૧ લાખ ગુમાવ્યા હતા. જે બાબતે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ થઈ છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ હોસ્પિટલ રોડ પર હોસ્પિટલ ધરાવતા અને જાણીતા એમડી તબીબ ડો. આનંદ ચૌધરીએ બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ ૧૫ માર્ચે ફેસબૂકમાં ફોરેક્સ ટ્રેડિંગની જાહેરાત જોઈ હતી. જેમાં આપેલા નંબર પર સંપર્ક કરતા સાયબર ચીટરોએ એક લિંક અને મોબાઈલ નંબર મોકલ્યો હતો. જે લીંક પર રજિસ્ટ્રેશન કરાવી વિગતો ભર્યા બાદ આઈડીએફસી બેંકમાં ત્રણ લાખ રૂપિયા જમા કરાવતા આ રકમ ઓનલાઈન વોલેટમાં આવી હતી. કંપનીની ટીપ્સ પ્રમાણે ટ્રેડિંગ કરતા શરૂઆતમાં સારું વળતર થતા ટુકડે ટુકડે ૨૧ લાખ મળી કુલ ૨૪ લાખ જમા કરાવ્યા હતા. વોલેટમાંથી રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કરતા કરન્સી ડિફરન્સ અને અન્ય ચાર્જના બહાને ૧૭ લાખ જમા કરાવ્યા હતા. તેમ છતાં રૂપિયા ન મળ્યા કંપની દ્વારા ખોટા ખોટા બહાના બતાવવામાં આવ્યા હતા. ડોક્ટરે ૨૦ એપ્રિલના ઓનલાઈન સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવ્યા બાદ બોર્ડર રેન્જ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે. જેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**ગૌ સેવા ગતિવિધિ કચ્છ વિભાગ દ્વારા**

# લેર ગામે ત્રિ-દિવસીય ગૌ સેવા સંગમ કાર્યક્રમનું આયોજન


**નારાયણ નંદી શાળાના ઉદ્‌ઘાટન નિમિતે ગૌ કથા, ગૌ ઉર્જા પ્રદર્શની, પંચગવ્ય આધારીત પ્રયોગો અને પ્રેરક પ્રવચનો યોજાશે**




ભુજ : તાલુકાના લેર ગામે ગૌ સેવા ગતિવિધિ કચ્છ વિભાગ દ્વારા નારાયણ નંદી શાળા ઉદ્‌ઘાટન નિમિતે ત્રિ-દિવસીય ગૌ સેવા સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬ થી ૧૮ જુન સુધી આયોજીત આ કાર્યક્રમ અંગે પત્રકાર પરિષદમાં વિગતો આપતા ગૌ સેવા સમિતિના મેઘજીભાઈ રવજીભાઈ હીરાણીએ જણાવ્યું હતું કે, ભારતીય જીવન પધ્ધતિમાં દેશી ગૌ વંશનું વિશેષ મહત્વ રહ્યું છે. દેશી ગૌ વંશના વિજ્ઞાન પ્રમાણીત ભવ્ય ભૂતકાળને જાણવા અને તેના મહત્વની ઉંડાણપૂર્વકની સમજણ માટે નારાયણ નંદી શાળાના ઉદ્‌ઘાટન નિમિત્તે ત્રિ-દિવસીય ગૌ સેવા સંગમ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ભાગવતાચાર્ય હિતેશભાઈ જોશી ગૌ કથાનું રસપાન કરાવશે. દરરોજ સવારે ૮ કલાકે નંદીપૂજન કરવામાં આવશે. સાથે જ સુરભીયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રદર્શનમાં બળદ આધારીત ગોબર ગેસ, વીજળી ઉત્પાદન યંત્ર અને જીવામૃત ગાળવાની સહજ પદ્ધતિના ઉપકરણો મુકવામાં આવશે. ગૌશાળામાં બનતા પંચગવ્ય ઉત્પાદનો, ગાય આધારીત ખેતીના ઉત્પાદનો અને ઓર્ગેનીક ચીજવસ્તુઓના સ્ટોલ્સ પણ રાખવામાં આવશે. ૧૪ મીનીટની ડોકયુમેન્ટરી ફિલ્મ દ્વારા દેશી ગાય અને જર્સી ગાયનો વિવિધ દ્રષ્ટિકોણથી તફાવત સમજાવવામાં આવશે. પ્રથમ દિવસે પ્રવકતા અજીતજી મહાપાત્રા ગૌ સેવા વિશે વક્તવ્ય આપશે. બપોરના સત્રમાં ગાયનું ખેતીમાં મહત્વ વિશે બંસી ગીર ગૌ શાળા અમદાવાદના ગોપાલભાઈ સુતરીયા સમજ આપશે. બીજા દિવસે સવારે ગૌ પ્રેમી મહિલા સંમેલનમાં ગૌ કૃપા કથાકાર સાધ્વી નિષ્ઠા ગોપાલ સરસ્વતી વક્તવ્ય આપશે. બપોરના સત્રમાં જામનગરના આયુર્વેદ આચાર્ય ડો. હિતેશભાઈ જાની પંચગવ્યનું મહત્વ સમજાવશે. મહોત્સવના ત્રીજા દિવસે ગૌ સેવા ગતિવિધિ સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક અને નીલકંઠ ગૌ વિજ્ઞાન કેન્દ્ર નાની નાગલપરના અધ્યક્ષ મનજીભાઈ હીરાણી, ગૌશાળા સંચાલક સંમેલનમાં ઉદ્‌બોધન કરશે. જયારે અંતિમ સત્રમાં રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમાના અધ્યક્ષ અને ગ્રામ વિકાસ ગતિવિધિના સંયોજક મનોજભાઈ સોલંકી ગાય દ્વારા ગ્રામ વિકાસ વિષય પર વક્તવ્ય આપશે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણી વિશેષ ઉદ્‌બોધન કરશે. સન્માન સમારોહ બાદ મહોત્સવની પૂર્ણાહૂતિ થશે. પૂર્ણાહૂતિ બાદ ગોવ્રતિ ભોજન પ્રસાદની વ્યવસ્થા રહેશે. આ પત્રકાર પરિષદમાં આરએસએસના નારાણભાઈ વેલાણી, ગોરસીયા સેવા ફાઉન્ડેશનના પરબતભાઈ ગોરસીયા, તેજસ પટ્ટણીએ પુરક વિગતો આપી હતી. આ ત્રિદિવસીય મહોત્સવનો લાભ લેવા ગૌ પ્રેમીઓને નિમંત્રણ પાઠવાયું છે.

# રાષ્ટ્રીય હિન્દુ સંઘ રાષ્ટ્રીય ભાવનાને બળવત્તર બનાવશે

**પૂ. યોગી દેવનાથબાપુની પ્રેરણાથી બિનરાજકીય હિન્દુ સંગઠનની કરાઈ સ્થાપના**



ભુજ : એકલધામના મહંત દેવનાથબાપુની પ્રેરણાથી બિનરાજકીય હિન્દુ સંગઠન રાષ્ટ્રીય હિન્દુ સંઘની સ્થાપના કરવામાં આવી છે. આ સંગઠનના મુખ્ય ધ્યેય અંગે પૂ. દેવનાથબાપુએ ભુજ ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં વિગતો આપી હતી. પૂ. દેવનાથબાપુએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય હિન્દુ સંઘ કચ્છ, ગુજરાત સહિત દેશના હિન્દુ સમાજને સંગઠીત કરવા કાર્ય કરશે. ભારતના ધર્મ, સમાજ અને સાંસ્કૃતિક વારસાને પુનઃ સ્થાપન કરવા, સમાજમાંથી ઉંચ-નીચના ભેદભાવ દૂર કરવા, ગૌ હત્યા પર પ્રતિબંધ લાદવા, હિન્દુ સમાજમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરવા, ભારતને વિકસીત અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા કાર્ય કરશે. મા ભારતી વિશ્વગુરૂ બને ભારત હિન્દુ રાષ્ટ્ર બને તે માટે કાર્ય કરશે તેવું વધુમાં જણાવ્યું હતું. રાષ્ટ્રીય હિન્દુ સંઘનું મધ્યસ્થ કાર્યાલય એકલધામ ભરૂડિયા ખાતે રહેશે. આ સંસ્થા કચ્છ અને ગુજરાતથી કાર્યની શરૂઆત કરશે. ત્યારબાદ દેશભરમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. રાજ્ય અને જિલ્લા સ્તરના સંગઠનની રચના કરી દરેક હિન્દુ જનમાનસ સુધી આ વિચારધારાને પહોંચાડવાના કાર્યો કરવામાં આવશે. આ વેળાએ રૂદ્રાણી જાગીરના મહંત પૂ. લાલગિરિબાપુ, પૂ. મહંત ધનંજયગિરિ બાપુ, આર્ષ અધ્યન કેન્દ્રના સ્વામી પ્રદિપ્તાનંદજી મહારાજ, પૂ. મહંત કિશોરદાસજી બાપુ (વરલી) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન & મેડીકલ ટ્રસ્ટ સંચાલિત
માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ (લેવા પટેલ હોસ્પિટલ) ભુજ
વોક ઈન ઈન્ટરવ્યુ
- ફાર્માસિસ્ટ (બી.ફાર્મ)
- સી.એસ.એસ.ડી. ટેકનિશિયન (CSSD Technicial)
- ઓ.ટી. આસિસ્ટન્ટ (OT Assistant)
- માર્કેટિંગ એક્ઝિકયુટિવ (Marketing Executive)
- વોર્ડ બોય (PCA)
- બાયો મેડિકલ એન્જિનીયર (Bio-Medical Engineer)

ઈન્ટરવ્યૂ સ્થળ : એમ.એમ.પી.જે. હોસ્પિટલ-ભુજ
તારીખ : ૧૧/૦૬/૨૦૨૫થી ૧૭/૦૬/૨૦૨૫
સમય : ૯થી ૬, નંબર : ૦૨૮૩૨-૨૩૧૧૨૨, ૨૩૧૧૩૩
e-mail id : hr@mmpjhospital.org

# શિક્ષણથી જ જીવનની સમસ્યાઓનું સમાધાન સંભવ છે







**ચોરાડ વાગડ આહીર કેળવણી મંડળ દ્વારા નવનિર્મિત છાત્રભવનનું લોકાર્પણ : મોટી સંખ્યામાં અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત : ૭ કરોડના ખર્ચે નિર્મિત ૬૦ રૂમ ધરાવતું ભવન છાત્રોને ઉપયોગી બનશે**



ગાંધીધામ : શિક્ષિત સમાજ વિકસિત બની શકે છે. જીવનની તમામ સમસ્યાઓના સમાધાન શિક્ષણથી મેળવી શકાતા હોય છે. તાજેતરમાં જ પાટણમાં ચોરાડ વાગડ આહીર -કેળવણી મંડળ સાંતલપુર દ્વારા — નવનિર્મિત આહીર વિદ્યાર્થી ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તે વખતે અગ્રણીઓએ ઉદબોધનમાં શિક્ષણ પર ભાર મુકયો હતો. હોસાપુર-સિદ્ધપુર હાઇ-વે પર આ ભવન રૂા. ૭ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. ચાર માળનાં આ ભવનમાં ૬૦ રૂમની સુવિધા છે. આ ભવનમાં ૫૦૦થી ૬૦૦ વિદ્યાર્થી રહી શકશે. લોકાર્પણ સમારંભમાં રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડા, ડો. ગિરીશભાઈ એવારા અને ડો. પ્રવીણભાઈ એવારા, પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરે, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, ઉધોગપતિ બાબુભાઇ હુંબલ, ઉપસ્થિત રહ્યા હતા. સંતો-મહંતો અને સમાજના આગેવાનોએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન સમાજના દાતાઓનું સન્માન કરાયું હતું.જવાહર ચાવડાએ જણાવ્યું કે, પાટણ અને આસપાસના ૧૦૦થી ૨૦૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં આહીર સમાજનો ઈતિહાસ જીવંત છે.

શિક્ષણથી જ જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન શક્ય છે. કાર્યક્રમમાં ડો. વારોતરિયા, સુભાષિની શરદ યાદવજી, રઘુભાઈ દેસાઈ- પૂર્વ ધારાસભ્ય, શિવજીભાઈ આહીર, ભીખુભાઈ વારોતરિયા અને તેજાભાઈ કાનગડ, પૂર્વ ધારાસભ્ય માલજીભાઈ દેસાઈ, આદીપુરના ડો. ગીરીશ આહીર, લક્ષ્મણભાઈ તેજાભાઈ મેમાભાઈ આહીર, વી.કે.હુંબલ, ત્રિકમભાઈ વી આહીર, તેમજ પાટણ-કચ્છના વિવિધ આહીર સમાજના આગેવાનો સહિતના વિવિધ આહીર સમાજની શૈક્ષણિક સંસ્થાઓના હોદેદારો, સમાજના પ્રમુખો તેમજ કચ્છના આહીર સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 4 | | | 6 |
| 4 | | | | | 7 | 8 | 3 | |
| | 3 | | | | | | | |
| | | 4 | 9 | | | | 2 | 8 |
| | 1 | 6 | 7 | | 2 | 9 | 4 | |
| 2 | 5 | | | | 3 | 1 | | |
| | | | | | | | 9 | |
| | 2 | 1 | 4 | | | | | 5 |
| 9 | | | 5 | | 6 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(3) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | 5 | 3 | 8 | 9 | 1 |
| 4 | 1 | 5 | 8 | 7 | 9 | 3 | 6 | 2 |
| 8 | 9 | 3 | 2 | 6 | 1 | 5 | 4 | 7 |
| 7 | 6 | 4 | 3 | 1 | 5 | 9 | 2 | 8 |
| 1 | 3 | 9 | 7 | 2 | 8 | 4 | 5 | 6 |
| 5 | 2 | 8 | 6 | 9 | 4 | 7 | 1 | 3 |
| 2 | 4 | 7 | 5 | 8 | 6 | 1 | 3 | 9 |
| 9 | 5 | 6 | 1 | 3 | 7 | 2 | 8 | 4 |
| 3 | 8 | 1 | 9 | 4 | 2 | 6 | 7 | 5 |

## અવસાન નોંધ



ગાંધીધામ : મનોજ પ્રેમચંદ કકનાણી ઉ.વ. 47, તે દયાવંતી પ્રેમચંદ કકનાણીના પુત્ર, યાશીકા મનોજ કકનાણીના પતિ, જય મનોજ કકનાણીના પિતા, પ્રકાશ પ્રેમચંદ કકનાણી, મહેક લલીત જાગવાણી (જોધપુર)ના ભાઇ, તા.4-6-25ના રોજ રામ શરણ પામ્યા છે સદગતની સ્મશાન યાત્રા આજ રોજ તા.10-6-25 મંગળવારે સાંજે 5.00 કલાકે તેમના નિવાસ સ્થાન ડીબીઝેડ-નોર્થ -184, વોર્ડ-12/એ, જુના ગુરુદ્વારા સામે, હોટેલ શીવ રેજેન્સીની પાસે ગાંધીધામ મુકામેથી નીકળશે.મો. પ્રકાશ કકનાણી 73831 51329, જય કકનાણી- 96648 47347.

**બિટ્ટા વલાડિયા (તા. અંજાર)** : મણિબેન સાધુ (ઉ.વ. ૮૩) તે સ્વ. વેલદાસ રામદાસજીના પત્ની, પ્રતાપદાસ, અનસૂયાબેન, સ્વ. મનસુખભાઈ, અનિલભાઈ, કલાવંતીબેન વિશનજી કાપડીના માતા, સ્વ. મંગલદાસ ભગવાનદાસ (નેત્રા), સ્વ. કંકુબેન વેલદાસજી સાધુ (બંદરા મોટા)ના બહેન, સ્વ. તુલસીદાસ, હિંમતરામ, પિતાંબરભાઈ, મંજુબેન, ભગવતીબેનના ફઈ, શાંતાબેનના જેઠાણી, લક્ષ્મીબેન (મીંદિયાળા), સ્વ. આત્મારામ, સ્વ. દેવજીભાઈ, સ્વ. ભગતબાપુના ભાભી, ભાવેશ, અમિત, હાર્દિકના દાદી, અમરદાસ, મોહનદાસ, દિનેશદાસના મોટાબા, સ્વ. સાકરબેન, મંજુબેન, શાંતાબેન, વિશનજી કાપડી (મોરજર)ના સાસુ તા. ૮-૬ના અવસાન પામ્યા છે. લૌકિકક્રિયા તા. ૧૧-૬ સુધી નિવાસસ્થાન બિટ્ટા વલાડિયા ખાતે.

**ભુજ** : સીમાબેન દિનેશભાઈ મકવાણા (ઉ.વ. ૫૯) તે દિનેશભાઈ હીરજીભાઈ (જી.કે. જનરલ હોસ્પિટલ)ના પત્ની, બટુકભાઈ હીરજીભાઈ મકવાણા (સેન્ટ્રલ બેંક), હિમતભાઈ હીરજીભાઈ મકવાણા (કે.પી.ટી.), પુષ્પાબેન જયમલભાઈ પરમાર, માયાબેન દીપકભાઈ ચાવડાના ભાભી, નયનાબેન નટવરલાલના દેરાણી, પ્રફુલ્લાબેન હિમતભાઈના જેઠાણી, પુનિત, મિતાલી અનંતસિંહ રાઠોડના માતા, રૂપલના સાસુ, કેયૂર નટવરલાલના કાકી, પ્રિયા કેયૂરભાઈના કાકીજી, જિયાંશ, સાક્ષી, માધવના દાદી, અનન્યા, નમન, કવિશ, જિયાન્શીના નાની તા. ૮-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૬ના મંગળવારે સાંજે ૫થી ૬ રાજપૂત સમાજવાડી, રાવલવાડી, ભુજ ખાતે.

**ભુજ** : ભાવસાર હિતેશ રણછોડ (ઉ.વ. ૫૬) તે સ્વ. દેવીબેન, સ્વ. રણછોડભાઈના પુત્ર, સ્વ. વિનોદભાઈ, કિશોરભાઈ, ગં.સ્વ. ગૌરીબેનના ભત્રીજા, ગીતાબેનના પતિ, હેન્સી, ધર્મેશના પિતા, જયદીપ સોનીના સસરા, હાર્દિકના નાના, માલતીબેન, નીતાબેન, ગં.સ્વ. જિજ્ઞાબેન, જુલીબેન, મનીષ, હિરેન, અમનના ભાઇ, નવીનભાઈ, ધીરજભાઈ (ગજ્જર), સ્વ. હરેશભાઈ ગાલા, ભરતભાઈના સાળા, ગં.સ્વ. ગૌરીબેન બાબુભાઈ પરમારના જમાઇ, રવજી, ગોવિંદ, ઈશ્વર, ભાવનાબેન, આશાબેનના બનેવી તા. ૮-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૬ના સાંજે ૫થી ૬ જબલેશ્વર મહાદેવ મંદિર, જેષ્ઠાનગર, ભુજ ખાતે (લૌકિક વ્યવહાર બંધ છે).


**ભુજ** : મૂળ ફરાદીના હાલે મુંબઇ રાજગોર અમૃતલાલ મોતા (ઉ.વ. ૭૪) તે સ્વ. લીલબાઈ લીલાધર ચત્રભુજ મોતાના પુત્ર, કમળાબેનના પતિ, દીપાલી, નયન, પ્રશાંતના પિતા, સ્વ. વિજયાબેન સામજીભાઈ લધાભાઈ ઉગાણી (કોન્ટ્રાક્ટર) (ભુજ)ના જમાઈ, પુષ્પાબેન, ગં.સ્વ. જયાબેન, ગં.સ્વ. ઉર્મિલાબેન, ઉષાબેન (મસ્કા), જયશ્રીબેન, પ્રતિમાબેન (ગાંધીધામ), પ્રકાશ (કોન્ટ્રાક્ટર), પ્રતાપ (સાન્ટ્રિંગ)ના બનેવી, પ્રવીણચંદ્ર બાવા, સ્વ. કાંતિલાલ મોતા, સ્વ. નવનીચંદ્ર મોતા, મણિશંકર મોતા (મસ્કા), મનીષભાઈ ઝાલા, મુકેશભાઈ જોષી (ગાંધીધામ)ના સાઢુભાઈ, દિલ્પાબેન, શૈલાબેનના નણદોઇ, હેમાંગિની, દીપ, મીતના ફુઆ, સંગીતા, દક્ષા, મીતા, રીપા, પલ્લવી, દીપુ, ભક્તિ, રાજેશ્રી, કૃતિ, ટીનેશ, દિલીપ, નીલેશ, રવીન્દ્ર, કિરીટ, નરેશ, તુષાર, જયદીપ, જિગરના માસા તા. ૪-૬ના નાલાસોપારા (મુંબઇ) ખાતે અવસાન પામ્યા છે. શ્વસુર પક્ષની સાદડી તા. ૧૦-૬ના મંગળવારે સાંજે ૫થી ૬ રાજગોર સમાજવાડી, ડાંડા બજાર, ભુજ ખાતે.

**મઉં મોટી (તા. માંડવી)** : લખમાબેન ગાભાભાઈ ડોરૂ (ઉ.વ. ૬૫) તે ગાભાભાઈ ખમુભાઈ (માજી સરપંચ)ના પત્ની, ગં.સ્વ. ધનબાઈ ગાભાભાઈ કોચરા (ભુજ)ના પુત્રી, અમૃત, ભરત, રમીલા, લીલબાઈના માતા, આત્મારામ ગાભાભાઈ કોચરા (ભુજ), સ્વ. અમરત ગાભાભાઈ કોચરા (ભુજ), લીલબાઇ શામજી ધેડા (કુરબઇ), ભગવતીબેન ગોવિંદભાઈ વિગોરા (કોટડા - રોહા)ના બહેન, ખેરાજભાઈ ખમુભાઈના ભાભી, ચાગબાઈ ખેરાજભાઈના જેઠાણી, દિનેશ શિવજી જાટ (ગાંધીધામ), હરેશ ગાંગજી બગડા (નાના લાયજા)ના સાસુ તા. ૫-૬ના અવસાન પામ્યા છે. અંતિમક્રિયા (દિયાડો) પૂર્ણ થઇ ગયો છે. સાદડી નિવાસસ્થાને મફતનગર, મઉં મોટી ખાતે.

**ભુજપુર (તા. મુંદરા)** : ચંપાબેન (ઉ.વ. ૯૫) તે લાલજી રણછોડજી રાજગોરના પત્ની, ખુશાલભાઈ, લક્ષ્મીબેન, રૂક્ષ્મણિબેનના માતા, પ્રભાબેન, શંભુલાલ કાનજી નાકર (ભદ્રેશ્વર), લક્ષ્મીશંકર દયારામ નાકર (ભદ્રેશ્વર)ના સાસુ, નીલેશ, યજ્ઞેશ, વૈશાલીના દાદી, શીતલબેન, માલતીબેન, ઘનશ્યામભાઈ કેશવાણી (બેરાજા)ના દાદીસાસુ, રામજી વાઘજી મોતા (સાગર લોજવાળા - બાગ)ના બહેન તા. ૮-૬ના અવસાન પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૪થી ૬ તા. ૧૦-૬ના રાજગોર સમાજવાડી, ભુજપુર ખાતે.

**વિથોણ (તા. નખત્રાણા)** : કુશમબેન નાયાણી (સુરાણી) (ઉ.વ. ૫૪) તે નરેન્દ્રભાઈ નાયાણીના પત્ની, નીકિતા, ખુશાલ, પુનિતના માતા તા. ૮-૫ના અલવાલ હૈદરાબાદ ખાતે અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૧-૬ના બુધવારે સવારે ૮થી ૧૧ મનસુખભાઈ ભાણજી નાયાણીના નિવાસસ્થાન ખાતે.

# પાક.નું વધુ એક જુઠ્ઠાણું છત્તુ થયું : ભૂજ એરબેઝ પર હુમલાના દાવાની પોલ ખુલી



**પાકિસ્તાનના આ જુઠ્ઠાણાની સેટેલાઇટ ઇમેજ વિશ્લેષક ડેમિયન સિમોને પોલ ખોલી નાંખી : પાકીસ્તાને ભુજ વિમાનીમથકે સિસ્ટમ તોડયાના ફોટા વાયરલ કર્યા હતા, તે કાળા ધાબ્બા હકીકતમાં ઓઈલના ડાઘાના હતા**

ગાંધીધામઃ ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાન કપોળ કલ્પનાઓ સાથે જીવી રહ્યું છે અને વિશ્વને એવું મનાવવા માટે સખત પ્રયાસ કરી રહ્યું છે કે ભારત સામેના સંઘર્ષ દરમિયાન તેનો વિજય થયો હતો. નકલી સેટેલાઇટ ઈમેજિસ, નકલી વીડિયો અને દુષ્પ્રચાર ઝુંબેશનો ઉપયોગ કરીને ઈસ્લામાબાદ દાવો કરી રહ્યું છે કે તેને ઘણા ભારતીય એરફિલ્ડ અને એરબેઝને ટાર્ગેટ કર્યા હતાં.ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાને જુઠ્ઠાણુ ફેલાવ્યું હતું કે તેને પંજાબના આદમપુર એરબેઝ પર સુખોઈ-૩૦MKIને તોડી પાડ્યું હતું અને ગુજરાતના ભૂજ એરફિલ્ડ પર S-૪૦૦ સર્ફેસ ટુ એર મિસાઇલ યુનિટ નાશ કર્યો હતો. જોકે પાકિસ્તાનના આ જુઠ્ઠાણાની સેટેલાઇટ ઈમેજ વિશ્લેષક ડેમિયન સિમોને પોલ ખોલી નાંખી હતી. સિમોન છેલ્લા એક મહિનાથી આ દાવાઓની સચ્ચાઇની તપાસ કરી રહ્યાં છે. પંજાબના આદમપુર એરબેઝ પર સુખોઈ-૩૦MKI ફાઇટર જેટ પર હુમલાનો પાકિસ્તાનને સૌથી મોટો દાવો કર્યો હતો. જોકે સિમોને સત્ય બહાર લાવીને જણાવ્યું હતું કે આ ઈમેજ ઓપરેશન સિંદૂર પહેલાના રૂટિન મેન્ટેનન્સ હેઠળના વિમાન MiG-૨૯ની છે. કથિત નુકસાન પણ મિસાઈલથી નહીં, પરંતુ એન્જિનમાં કાટ જમા થવાથી થયું હતું, બીજી એક તસવીરમાં પાકિસ્તાનને દાવો કર્યો હતો કે તેને ગુજરાતના ભૂજ એરફિલ્ડ ખાતે જી-૪૦૦ રડાર સિસ્ટમનો નાશ કર્યો છે. ઈમેજનું નિરીક્ષણ કરતાં જમીન પર કાળા ડાઘ દેખાયા છે, પરંતુ તે ક્રૂડ ઓઇલના કાળા ડાઘ હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં આ ઈમેજ પણ સંઘર્ષ પહેલાની હતી.પાકિસ્તાનને આદમપુરમાં એસ-૪૦૦ બેટરીને મિસાઈલથી નુકસાન કર્યું હોવાનો દાવો કર્યો હતો. જોકે આ દાવાના સમર્થનમાં આપેલી સેટેલાઇટ ઈમેજ પણ એડિટ કરાયેલી હતી. તેમાં બોમ્બથી પડેલા ખાડા દર્શાવવા માટે બ્લેક ડોટ ઉમેરવામાં આવ્યાં હતાં.સૌથી વાહિયાત દાવો નલિયા એરબેઝ સંબંધિત હતો. પાકિસ્તાનને એક ઈમેજ જારી કરીને દાવો કર્યો હતો તેને આ બોમ્બમારાથી અંધારુ છવાઈ ગયું હતું. જોકે સિમોનનું વિશ્લેષણ દર્શાવે છે કે રન-વે પરનું આ અંધારુ હકીકતમાં વાદળના પડછાયાનું હતું.

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેક્નોલોજીનું ભવિષ્ય વિષય ઉપર ગાંધીધામ ચેમ્બર ખાતે યોજાયું વક્તવ્ય



**લોકભારતી યુનિવર્સિટીના ઉપકુલપતિનું સંશોધનાત્મક વિશ્લેષણ**

ગાંધીધામ : કચ્છની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બર ધ્વારા પ્રવર્તમાન એ.આઇ. ટેક્નોલોજીની દરેક ક્ષેત્રમાં પડનાર અસરો, અને પડકારો અંગે વિષયનાં નિષ્ણાંત એવા ગુજરાતની પ્રસિધ્ધ લોકભારતી યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. વિશાલ ભાદાણીનું વિશ્લેષણાત્મક વક્તવ્ય ચેમ્બર ભવન ખાતે ગોઠવવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચનમાં ચેમ્બર પ્રમુખ મહેશ પુજે સૌને આવકારી જણાવ્યું હતું કે,. એ.આઇ. ટેક્નોલોજી હવે માનવજીવનનો હિસ્સો બની રહયું છે. આવનારા સમયમાં તેનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં વધતો જવાનો છે ત્યારે તેના લાભાલાભ વિશે આ ટેક્નોલોજી શિક્ષણ ઉદ્યોગ ધંધા ક્ષેત્રે કેટલી ઉપયોગી નિવડશે તેની વિસ્તૃત જાણકારી સર્વેને મળે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, તેમ જણાવેલ. મંદાબેન શુક્લાએ વક્તાનો વિસ્તૃત પરિચય આપ્યા બાદ ડો. વિશાલ ભાદાણીએ એ.આઇ. ટેક્નોલોજીના તત્કાલિન સ્વરૂપને વર્ણવતા વિડિયો, પ્રસ્તુતિકરણના માધ્યમથી પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. તેમણે આ ટેક્નોલોજીને માસ્ટર્સ ઈન ફ્યુચરોલોજી ગણી તેમાથી વિશ્વમાં ક્યા પ્રકારના પડકારો સર્જારો તેનો ચિતાર આપ્યો હતો. અદ્યતન ટેક્નલોજીના વિકાસની સાથોસાથ વિશ્વમાં ઉદ્દભવનાર ભુખમરો, યુધ્ધ, રોગચાળો જેવી વૈશ્વિક સમસ્યાઓમાં એ.આઇ. ટેક્નોલોજીના ભવિષ્યમાં થનાર ઉપયોગ અને તેની વ્યાપક અસરો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. એ.આઇ. ના અલ્ગોરીધમની અસિમિત સંભાવનાઓને વર્ણવતા તેઓએ જણાવેલ કે, બ્રહમાંડના સમસ્ત પાર્ટીકલ્સ (કણો) કરતા પણ એ.આઇ.ની ક્ષમતા વધારે હશે, તેની ટુંકા અને લાંબા ગાળાની અસરો માનવજીવનને પ્રભાવિત કરશે. વિશ્વ આરોગ્યના ક્ષેત્રમાં એ.આઇ. ધ્વારા થતા નિદાનો ૯૦% સચોટતા પુરવાર કરે છે તથા વૃધ્ધાવસ્થા થતા અલ્ઝાઈમર (વિસ્મૃતિ) ના રોગને એ.આઇ. ચીપ્સથી નિવારી શકાય છે. ઘઉંના દાણા જેટલી ચીપ્સ અઢી લાખ જીબીની મેમરી ધરાવે છે ગુગલ જેવી કંપનીઓએ તેના સંશોધન માટે અબજો ડોલરનું રોકાણ કરેલ છે.

એ.આઇ. ટેક્નોલોજીથી મોટી સંખ્યામાં રોજગારી છીનવારો તો સામે લાખો નવી રોજગારીનું સર્જન પણ થશે, જે સક્ષમ અને યોગ્યતા ધરાવતું હશે તે શે અન્યથા નહિં ટકી શકે. એ.આઇ. થકી ૨૦૩૩ સુધીમાં ઘણા વ્યવસાયો લુપ્ત થશે. કૃષિ ક્ષેત્રે નવીન સંશોધનો થશે. એ.આઇ. ટેક્નોલોજી થકી પાડ્યું બીયારણ, વાવેતર, લણણી, સમય ઋતુ વિગેરે નિશ્ચિત થશે. તેમજ એ.આઇ. ટેક્નોલોજી લોકોના સામાજિક સંબંધો ઉપર પણ અસર કરશે. જેમ કે લગ્નો, પેરેન્ટીંગ (વાલીપણું), બાળ ઉછેર, જેવા વિષય ઉપર ભવિષ્યમાં ઉંડી અસરો થશે. તથા કાયદો વ્યવસ્થા જાળવવા, એ.આઇ.નું મહત્વ વધરો તથા લોકોની અંગત ગોપનીયતાની બાબતમાં ઉદ્દભવનાર ભય સ્થાનો વિશે જણાવી અંતમાં એ.આઇ. ની સવારી વાઘની સવારી ન થાય તે માટે સજ્જતા કેળવવી પડશે તેમ જણાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે પધારેલ ડી.વાય.એસ.પી. એ.વી. રાજગોરે ડો. વિશાલ ભાદાણીના ઉંડા સંશોધનાત્મક વક્તવ્યની પ્રશંસા કરી એ.આઇ ટેક્નોલોજીને ભૌતિક વિજ્ઞાન અને આધ્યાત્મને જોડી નવી ટેક્નોલોજીને આવકાર આપવા જણાવ્યું હતું.

પ્રશ્નોતરી દરમ્યાન ડો. ભાદાણીએ જિજ્ઞાસુઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતી સાથે માર્ગદર્શન પુરું પાડેલ હતું.કાર્યક્રમનું સફળ સંચાલન બાળ ક્લાર દિવ્ય રાવલ ધ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી એ.વી. રાજગોર-ડી.વાય. એસ.પી ઈસ્ટ કચ્છ, મહેમાનો તુલના શર્મા- પ્રિન્સીપાલ-ડો. એચ. આર. ગજવાણી કોલેજ, ડો. મહેન્દ્ર ચૌહાણ-મંત્રી હરિ આશરો ટ્રસ્ટ, ડો. નરેશ જોષી-જનરલ ફીઝીશન, ચેમ્બર માનદ મંત્રી મહેશ તિર્થાણી, કાર્યક્રમના કો-ઓર્ડીનેટર રાજેન્દ્ર રાવલ, કપિલ રાવલ, મનોજ રાવલ, ત્રિલોક રાવલ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, નગરજનો ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ રાજેન્દ્ર રાવલે કરી હતી, તેમ ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ આ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# યાના સિંઘ અને રેહાંસ સિંઘવીએ ટેબલ ટેનિસ સ્ટેટ રેક્રિંગમાં કેડીટીટીએનો વારસો જાળવી રાખ્યો




આદિપુર : કેડીટીટીએના રેહાંસ સિંઘવીએ તાજેતરમાં ભાવનગર ખાતે સમાપ્ત થયેલ માઇક્રોસાઇન ૧લી ગુજરાત સ્ટેટ રેક્રિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫ માં પોતાનું વર્ચસ્વ દર્શાવ્યું હતું. તેણે બોયઝ અંડર-૧૧ કેટેગરીમાં અમદાવાદના નક્ષ પટેલને રસાકસી ભરી મેચમાં ૩-૨થી હરાવીને તેની કુશળતા, ટેકનિક અને માનસિક કઠિનતા દર્શાવીને ગોલ્ડ મેડલ જીત્યો છે.

આ ઉપરાંત હોપ્સ અંડર-૯ કેટેગરી પ્રથમ વખત આયોજિત કરવામાં આવી હતી અને ગર્લ્સ વિભાગમાં તમામ ટોચના ત્રણ સ્થાનો કેડીટીટીએના ખેલાડીઓ દ્વારા કબજે કરવામાં આવ્યા હતા, યાના સિંઘે ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે દિવિશા હિંગોરાનીએ સિલ્વર મેડલ જીત્યો હતો અને અવશી જૂને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.હોપ ગર્લ્સ અંડર-૧૧ વિભાગમાં માયરા ખેસકાનીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

બોયઝ અંડર-૧૩ કેટેગરીમાં ધ્રુવ ભંભાણી સેમિફાઈનલમાં રાજકોટના દેવ ભટ્ટ સામે ૦-૩થી હારી ગયો હતો અને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે યુગ પ્રતાપ સિંગ અને રેહાંસ સિંઘવી અન્ડર-૧૩ બોયસ કેટેગરીમાં અન્ય બે ખેલાડીઓ હતા જેઓ ટોપ ૮માં પહોંચ્યા હતા અને ક્વાર્ટર ફાઈનલમાં હારી ગયા હતા.

ગર્લ્સ અંડર-૧૩ કેટેગરીમાં સિદ્ધિ સિંઘવી ક્વાર્ટર ફાઈનલમાં અમદાવાદની નિત્યા ચોક્સી સામે ૧-૩થી હારી ગઈ હતી.

બોયઝ અંડર-૧૫ કેટેગરીમાં ધ્રુવ ભાંભણીએ સેમિફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે અમદાવાદના દ્વિજ ભાલોડિયા સામે ૨-૩થી ખૂબ જ નજીકના મુકાબલામાં હારી ગયો હતો. આરવ સિંઘવી અને નૈરિત વૈધ અન્ય બે ખેલાડીઓ હતા જેઓ ટોપ ૮માં પહોંચ્યા હતા અને ક્વાર્ટર ફાઈનલમાં હારી ગયા હતા.

ગર્લ્સ અંડર-૧૭ કેટેગરીમાં અનાઈશા સિંઘવી ક્વાર્ટર ફાઈનલમાં અમદાવાદની પ્રથા પવાર સામે ૦-૩થી હારી ગઈ હતી.

કચ્છ જિલ્લા માંથી કુલ ૧૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને ૨ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મળાવીને કુલ ૭ મેડલ જીત્યા હતા. આ બધા ખેલાડીઓ નિષ્ણાત ટીટી કોચ શ્રી શંખનીલ બસાક, ફિટનેસ ટ્રેનર શ્રી નમન ઓઝા, સ્પોર્ટ્સ સાયકોલોજિસ્ટ શ્રીમતી ગુલરૂખ શેઠના અને સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટ શ્રી જય ટાકવાની પાસે અહીના હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ચાલી રહેલી કેડીટીટીએ ટેબલ ટેનિસ એકેડેમીમાં તાલીમ લઈ રહ્યા છે.

આ તમામ મેડલ વિજેતા અમરચંદ સિંઘવી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરે છે.ખેલાડીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના બધા પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## રત્નકણિકા

**સાચો માનવી એ જ છે, જે બુરાઉનો બદલો ભલાઇથી આપે છે.- મહાત્મા ગાંધીજી**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. દએ-૧૩૯૪, મુ. જીલ્હજ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, જયેષ્ઠ સુદ-૧૪ વ્રતની પૂર્ણિમા, વટસાવિત્રી વ્રત સમાપ્ત તા.૧૦ જૂન ૨૦૨૫, મંગળવાર, પારસી તા.30, મુસ્લિમ તા.૧૩, અનુરાધા નક્ષત્ર, સિધ્ધ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** — નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. નવિન આયોજનો પાર પડે.

**વૃષભ** — મિત્રોથી લાભ મળે. આર્થિક વિકાસના માર્ગ ખુલે.

**મિથુન** — વ્યર્થ વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. શત્રુઓ ફાવી જતા જણાય.

**કર્ક** — નવિન તક મળે. પ્રવાસથી લાભ થાય.

**સિંહ** — કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.

**કન્યા** — સંતાનથી લાભ મળે. કાનુની કાર્યમાં સફળતા મળે.

**તુલા** — માનસિક અશાંતિના ભોગ બનવું પડે. વ્યર્થ ક્રોધ રહે.

**વૃશ્ચિક** — મનની મુરાદ બર આવે. આર્થિક ધન લાભ રહે.

**ધન** — સારા કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. હિતશત્રુઓનું જોર વધે.

**મકર** — સ્વજનો કે નજીકના મિત્રોથી લાભ થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.

**કુંભ** — નવિન ઓળખાણ થાય. આર્થિક સમસ્યા દૂર થતી જણાય.

**મીન** — સાહસિક કાર્યોથી ધન લાભ થાય. પર્યટનનો યોગ છે.

# કચ્છમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૨૯૭૭ ઉમેદવારોએ નોંધાવી દાવેદારી

## આજે ફોર્મ ચકાસણી બાદ આવતીકાલે સાંજે ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ સ્પષ્ટ થશે અંતિમ ચિત્ર

ભુજ : કચ્છ જિલ્લામાં ૧૬૬ ગ્રામ પંચાયતો અને ૨૪૧ વોર્ડ માટેની પેટા ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે કુલ્લ ૨૯૭૭ ફોર્મ ભરાયા હતા. જેમાં ૧૫૨ માં સામાન્ય ચૂંટણી, વિભાજન વાળીમાં ૯, વિસર્જન થયેલીમાં ૩ તેમજ સરપંચ તેમજ વોર્ડમાં એક પણ ફોર્મ રજુ થયા ન હોય તેવી ૨ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. આજે તંત્ર દ્વારા ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. આવતીકાલ સુધી ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચી શકશે જેથી અંતિમ ચિત્ર આવતીકાલે સાંજે સ્પષ્ટ થશે.

ગ્રામ સ્વરાજ્યની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે કચ્છના નવ તાલુકામાં ઉમેદવારોનો રાફડો ફાટયો હતો. સૌથી વધુ ફોર્મ ભુજ તાલુકામાં ૬૩૫ રજુ થયા હતા. અબડાસામાં ૮૫, ભચાઉમાં ૧૫૩, માંડવીમાં ૨૬૪, મુંદરામાં ૫૪૨, રાપરમાં ૬૧૨, અંજારમાં ૪૧૦, અબડાસામાં ૮૫ અને ગાંધીધામમાં ૧ ફોર્મ રજુ થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, બીજી જુનના ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા બાદ શરૂઆતી દિવસોમાં રાજકીય માહોલ શુષ્ક રહ્યો હતો. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે જિલ્લાના તમામ તાલુકાઓમાં મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીએ ઉમેદવારોનો રાફડો ફાટયો ચૂંટણી લડવા ઈચ્છુક મુરતિયાઓ પોતાના સમર્થકો સાથે ઉમેદવારીપત્રક ભરવા પહોંચ્યા હતા.

## ભુજ તાલુકામાં સરપંચ પદ માટે ૧૦૬ ફોર્મ ભરાયા

ભુજ : તાલુકાની ૩૫ ગ્રામ પંચાયતોની સામાન્ય અને ૩૮ ગામની પેટા ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી કુલ્લ ૬૩૫ ફોર્મ ભરાયા હતા. સરપંચ પદ માટે ૧૦૬ અને સભ્ય બનવા માટે ૫૦૨ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. પેટા ચૂંટણીમાં સુકાની માટે ૧૫ અને વોર્ડ સભ્ય માટે ૧૨ ફોર્મ ભરાયા હતા. તાલુકામાં સૌથી વધુ ફોર્મ માધાપર નવાવાસ માટે ભરાયા હતા. જેમાં સરપંચ પદ માટે ૬ સહિત કુલ્લ ૭૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પધ્ધર ગામમાં સરપંચ પદ માટે ૪ અને સભ્ય પદ માટે ૩૧ સહિત કુલ્લ ૩૬ ફોર્મ ભરાયા હતા. મીરજાપરમાં સરપંચ પદ માટે ૪ અને સભ્ય માટે ૨૮ ઉમેદવારોએ નામાંકન ભર્યું હતું. સરલી ગામના સરપંચ પદ માટે ૯ અને સભ્ય માટે ૧૮ દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. તાલુકાના ચપરેડી, ગજોડ, વડઝર, હોડકો, કોડકી, ગડા, નાના વરનોરા ગામે સરપંચ પદ માટે માત્ર એક એક ફોર્મ ભરાતા આ ગામના સુકાનીઓ બીનહરીફ ચૂંટાશે. જો કે તેનું ચિત્ર ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે સ્પષ્ટ થશે.

### કચ્છમાં તાલુકા દીઠ ભરાયેલ ફોર્મ

| તાલુકો | ફોર્મ |
|---|---|
| ભુજ | ૬૩૫ |
| અબડાસા | ૮૫ |
| નખત્રાણા | ૧૯૦ |
| લખપત | ૮૯ |
| ભચાઉ | ૧૫૩ |
| રાપર | ૬૧૨ |
| માંડવી | ૨૬૪ |
| મુંદરા | ૫૪૨ |
| અંજાર | ૪૧૦ |
| ગાંધીધામ | ૦૧ |
| **કુલ્લ** | **૨૯૭૭** |

## પવનચક્કીની મલાઈ ચાખી જનાર હોદ્દેદારો બિનહરીફ કોઈને આપવા રાજી નથી

# લખપત-નખત્રાણા ગ્રામ પંચાયતના ઉમેદવારોને 'સમજાવટ'ના પ્રયાસો તેજ

**વિથોણ, સાંયરા, સુખપર (રોહા), વિભાપર, વંગ, ડાડોરમાં ચૂંટણી જંગના એંધાણ : માતાનામઢ, નાની વિરાણીમાં ચૂંટણી જામશે : નખત્રાણામાં સરપંચ પદે ૫૦ અને સભ્ય પદ માટે ૧૪૦ ફોર્મ ભરાયા**

**લખપત તાલુકામાં સરપંચ પદ માટે ૧૨ અને સભ્યો માટે ૫૮ ફોર્મ ભરાયા : આખરી ચિત્ર કાલે સ્પષ્ટ થશે : રસાકસીવાળા ગામડામાં ઉમેદવારોએ ખાટલા બેઠક શરૂ કરી : સર્વજ્ઞાતિ સમૂહભોજન, પાર્ટીઓ, ખારાભાતની મહેફીલ પણ શરૂ થઈ : વચેટિયાને લીલા લહેર**



વિથોણ ગ્રામ પંચાયત અ.જા. મહિલા અનામત સરપંચ પદે મગીબેન ખેંગારભાઈ ચાવડાએ ચૂંટણી અધિકારી વસંત ચંદે પાસે ઉમેદવારી નોંધાવી ત્યારે રબારી સમાજના પ્રમુખ ખેંગારભાઈ રબારી સહિત સમર્થકો સાથે રહ્યા હતા.

નખત્રાણા : ગ્રામ્ય સાંસદના સુકાની પદની ચૂંટણીમાં ફોર્મ ભરવાના અંતિમદિવસે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. નખત્રાણા તાલુકામાં ૧૩ ગ્રામ પંચાયતની સરપંચ પદની સામાન્ય ચૂંટણી તેમજ ૩૭ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીમાં સરપંચ પદે ૫૦ અને સભ્ય માટે ૧૪૦ ફોર્મ ભરાયા હતા. તાલુકાના વિથોણ, સાંયરા, સુખપર, રોહા, વિભાપર સહિતના ગામડામાં સરપંચ પદની ચૂંટણી યોજાય તેવું ચિત્ર સામે આવ્યું છે. એટલું જ નહીં જયાં ચૂંટણી યોજાવાની છે, ત્યાં ફોર્મ ભરવાની સાથે રાત્રે જ ઠેર ઠેર ખાટલા બેઠકનો દોર ચાલુ થઈ ગયો છે અને સર્વ જ્ઞાતિ સમૂહભોજન, પાર્ટીની મહેફીલ, ખારાભાત અને મતદાન આપણા તરફે કેમ વધુ થાય તે માટેના ચોગઠા ગોઠવવાનું શરૂ થઈ ગયું છે.

ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખે બંને તાલુકામાં મોટી સંખ્યામાં ઉમેદવારો તેમના ટેકેદારો સાથે તાલુકા પંચાયત કચેરીમાં એકત્ર થયા હતા અને બુધવારે પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોતા કાલે જ ચિત્ર સ્પષ્ટ થશે અને ત્યારબાદ કયા કયા ગામોમાં ચૂંટણી જંગ જામશે તે ખબર પડશે.

લખપત તાલુકામાં માતાનામઢ, નાની વિરાણીમાં ચૂંટણી જંગ જામે તેવા એંધાણ છે. તાલુકામાં ૬ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે ૧૨ અને વોર્ડ માટે ૫૮ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. નારાયણ સરોવર સરપંચપદના ઉમેદવાર ન મળતાં તે જગ્યા ખાલી રહેશે. બરંદામાં ચૂંટણી યોજાય, કોટડા (મઢ)માં બિનહરીફ ભણી, દોલતપર બિનહરીફ થશે તેવો વર્તારો જણાય છે. સરહદી આ બંને તાલુકા નખત્રાણા - લખપતમાં ચૂંટણી ન યોજાય અને સમરસ થાય તેવા સમાધાન-સમજાવટના પ્રયાસો તેજ થયા છે, પરંતુ તેના સફળતા મળે તેવું લાગતું નથી. બીજીતરફ બંને તાલુકામાં પવનચક્કીની કંપનીના પગરણ પછી ઘણા બધા સરપંચો મોંઘીદાટ ગાડીમાં ફરતા થયા છે. તો ઘણા બધા વચેટિયા પાસે અચાનક સંપતિમાં વધારો થયો છે. પવનચક્કીની મલાઈ ચાખી જનાર હોદ્દેદારો બિનહરીફ પદ કોઈને આપવા તૈયાર નથી. અમુક માથાભારે વચેટિયા અમુક ગામોમાં પોતાના માણસને સરપંચમાં ગોઠવીને તેનો 'રબ્બર સ્ટેમ્પ' તરીકે ઉપયોગ કરવાની આશા રાખી રહ્યા છે. તો સરકારની મનરેગા સહિતની વિવિધ મલાઈદાર યોજનામાં કરોડોની વિકાસ ગ્રાન્ટો આવતા સરપંચ પદ સેવા કરતાં કમાઈ લેવાનું માધ્યમ વધુ બન્યું છે, ત્યારે આ વખતે ચૂંટણી પણ ખર્ચાળ બનશે અને ચૂંટણીવાળા ગામોમાં રાત - દિવસ ધમધમાટ જોવા મળશે.

## અબડાસાની ૬ પૈકી ૩ ગ્રામ પંચાયત સમરસ બનશે : ૪૦ વોર્ડમાં ૫૮ ઉમેદવાર

**ફોર્મની ચકાસણી અને ઉમેદવારી પાછા ખેંચવાની અંતિમ પ્રક્રિયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે**

નલિયા : અબડાસા તાલુકામાં ૬ ગ્રામ પંચાયતની ચુંટણીમાં ૩ ગ્રામ પંચાયતો માટે માત્ર એક ઉમેદવારે ફોર્મ ભરતા સમરસ બનવા સાથે ૪૦ વોર્ડની ચુંટણીમાં ૫૮ ઉમેદવારો અને ૩ ગ્રામ પંચાયત માટે ૧૧ ઉમેદવારો ફોર્મ ભરવાના અંતિમ દિવસે મેદાનમાં ઉતર્યા હતા. અંતિમ ચિત્ર ફોર્મ ચકાસણી અને ઉમેદવારી પાછી ખેંચવાની પ્રક્રિયા બાદ સ્પષ્ટ થશ.

સમગ્ર કચ્છમાં ગ્રામ પંચાયતની ચુંટણીઓનો ગરમાવો વધી રહ્યો છે તે વચ્ચે અબડાસાની ૬ ગ્રામ પંચાયત પૈકી ૩ ગ્રામ પંચાયતમાં ૧-૧ ઉમેદવારે અને બાકીની ૩ પૈકી એકમાં ૪ જયારે અન્ય ૨ માં ૨-૨ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. ૪૦ વોર્ડ સભ્ય માટે ૫૮ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.એેડા, ખારૂઆ અને ચરોપડી મોટી ગ્રામ પંચાયતમાં એકજ ઉમેદવારે દાવેદારી નોંધાવતા આ પંચાયતો સમરસ બનશે તેવા એધાણ છે જ્યારી બાકીની ગ્રામ પંચાયતો પૈકી રામપર(અબડા)માં ૪ જયારે ઉસ્તીયા અને નાનાવાડામાં ૨-૨ ઉમેદવારોની ઉમેદવારીથી ત્યાં ચુંટણી થવાના સંજોગો સર્જાયા છે.ગ્રામ પંચાયતોના ૪૦ વોર્ડ માટે ૫૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ચરોપડી મોટી ગ્રામ પંચાયત છેલ્લા ૩૦ વરસથી સમરસ ગ્રામ પંચાયતનો રેકોર્ડ ધરાવે છે.આ વખતે મહેશ્વરી તેજબાઈ કાનજી સહિત સમગ્ર પેનલ સમરસ ગામની એકતા અને ભાઈચારાના લીધે બનવા ભણી છે તેવું સૈયદ કાદરશા હાજી હુશેનશાએ જણાવ્યું હતું.

આજે ફોર્મ ચકાસણી અને ત્યારબાદ ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પુર્ણ થયા બાદ સમરસ અને ચુંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે તેવું તંત્રના સુત્રો તરફથી જાણવા મળ્યું હતું.


**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વિભાગીય કચેરી, ભચાઉ-કચ્છ.**
PGVCL

**જાહેર વિજ્ઞપ્તી**

આથી અમારા માનવંતા વીજ-ગ્રાહકોને જણાવવાનું કે,ભચાઉ પેટા-વિભાગીય કચેરીમાં નીચે જણાવેલ ફિડરો જરૂરી સમારકામ માટે નીચે જણાવ્યા પ્રમાણે તારીખના રોજ બંધ રહેશે.કામ પુર્ણ થયે અન્ય કોઈ પણ જાતની સુચના આપ્યા વગર વિજ-પુરવઠો પુનઃચાલુ કરી દેવામાં આવશે,જેની નોંધ લેવા વિનંતી.

| ૧૧ કેવી ફીડરનું નામ/ પેટા-વિભાગીય કચેરીનું નામ | તારીખ | બંધ રહેનાર વિસ્તાર |
|---|---|---|
| ૧૧ કેવી લોદ્રાણી(જેજીવાય), બાલાસર (એજી), રાસાજી(એજી) / બાલાસર | સવારે ૭ થી બપોરે ૫ તા. ૧૧.૦૬.૨૦૨૫ | રાસાજી ગઢડા, લોદ્રાણી,વેરસરા વાંઢ, માનાણી વાંઢ, શીરાણી વાંઢ તેમજ લોદ્રાણી (જેજીવાય), બાલાસર (એજી) અને રાસાજી(એજી) ફીડરમાં આવતો તમામ વિસ્તાર |
| ૧૧ કેવી સામખીયાળી (જેજીવાય), ભારત (જેજીવાય), સુરજબારી (જેજીવાય) /સામખીયાળી | સવારે ૮ થી બપોરે ૨ તા. ૧૧.૦૬.૨૦૨૫ | સામખીયાળી, મોરબી પાલનપુર હાઈવે હોટલો તેમજ ભારત(જેજીવાય), સામખીયાળી (જેજીવાય) અને લાકડીયા (એજી) ફીડરમાં આવતો તમામ વિસ્તાર. |
| ૧૧ કેવી સુરજબારી (જેજીવાય)/ સામખીયાળી | સવારે ૮ થી બપોરે ૨ તા. ૧૩.૦૬.૨૦૨૫ | જુના કટારીયા, શિકારપુર, સુરજબારી, નારણસરી અને સુરજબારી જેજીવાય ફીડરમાં આવતો તમામ વિસ્તાર. |
| ૧૧ કેવી ભારત (જેજીવાય) /સામખીયાળી | સવારે ૮ થી બપોરે ૨ તા. ૧૫.૦૬.૨૦૨૫ | મોરબી પાલનપુર હાઈવે હોટલો તેમજ ભારત(જેજીવાય) ફીડરમાં આવતો તમામ વિસ્તાર. |

અરજદાર પોતાની ફરિયાદ અમારી કંપનીના ટોલફ્રી નંબર - ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ તથા બાલાસર અને સામખીયાળી પેટા વિભાગીય કચેરીના કમ્પ્લેઈન્ટ કોલ સેન્ટર નંબર અનુક્રમે ૯૬૮૭૬૩૩૬૭૨ અને ૯૬૮૭૬૩૩૬૭૪ પર દર્જ કરાવી (જણાવી) શકે છે.

**કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ**


# અંજાર તાલુકાની ૬ ગ્રામ પંચાયતોના સરપંચ બિનહરીફ થશે

અંજાર : તાલુકાની ૨૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસના ૩૨૦ ફોર્મ રજુ થયા હતા, જેથી કુલ ભરાયેલા ફોર્મનો આંક ૪૧૦ થયો હતો.

૬ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે માત્ર એક - એક ફોર્મ રજુ થતાં સરપંચ બિનહરીફ વારશે. અંજારની સૌથી મોટી ગણતી રતનાલ ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે ૪ ફોર્મ રજુ થયા હતા. અજાપરમાં ચાર, આંબાપરમાં આઠ, ચાંદ્રોડામાં બે, દેવળિયા - જરૂમાં ૩-૩, ખંભરામાં ચાર, ખારા પસવારિયામાં ૩, કુંભારિયામાં ૨, મથડામાં ચાર, મોડસરમાં પાંચ, મોડવદરમાં સાત, નિંગાળમાં ૬, રામપરમાં બે, રાપર પંચાયતમાં ૬, સાપેડામાં ૬, સિનુગ્રામાં ૪, વરસાણામાં ૪, વીડીમાં ૪ સરપંચ પદ માટે ફોર્મ ભરાયા હતા.

## માધાપર નવાવાસની ચૂંટણીમાં લોકસવકે નોંધાવી ઉમેદવારી



માધાપર નવાવાસ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદના ઉમેદવાર તરીકે સતત ૧૫ વર્ષથી પંચાયતના સદસ્ય તરીકે સેવા આપનાર લોકસેવક વાલજીભાઈ કાનજીભાઈ ડાંગરે ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું અને તેમની સાથે તમામ ૧૮ પેનલના ઉમેદવારોએ પોતાનો ઉમેદવારી પત્ર રજૂ કરી જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ ફોર્મ રજૂ કરવા સમયે તેમની સાથે પટેલ સમાજના આગેવાન અને જિલ્લા ભાજપના ઉપપ્રમુખ જયંતભાઈ માધાપરિયા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ કૌશલ્યાબેન માધાપરિયા, પ્રદેશ ભાજપના આગેવાન હિતેશભાઈ ખંડોલ, તાલુકા ભાજપ મહામંત્રી દિનેશભાઈ ઠક્કર, પટેલ આગેવાન રમેશભાઈ કારા, તાલુકા પંચાયત સદસ્ય તુષારીબેન વેકરીયા, ભાનુબેન ભૂડીયા તથા દરેક સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાપરની ૨૯ પંચાયતોમાં સરપંચ પદ માટે ૧૦૧ દાવેદાર

રાપર : ગ્રામ પંચાયત ચૂંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે રાપર તાલુકાની ૨૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સરપંચ પદ માટે ૧૦૧ અને સભ્ય માટે ૪૯૧ ફોર્મ ભરાયા હતા. તાલુકાની આણંદપર ગ્રામ પંચાયતમાં સરપંચ માટે ત્રણ, બાલાસરમાં ત્રણ, બાદલપરમાં બે, વેરાસરમાં ૪, ચિત્રોડમાં ૮, ડાવરીમાં ૨, ડેડરવામાં ત્રણ, ફતેહગઢમાં ૭, ગઢડામાં ત્રણ, ગેડીમાં ચાર, જેસડામાં ત્રણ, કલ્યાણપરમાં ત્રણ, ખેંગારપરમાં ચાર, કુડા જામપરમાં પાંચ, લોદ્રાણીમાં ત્રણ, માખેલમાં બે, માંજુવાસમાં પાંચ, મમાયમોરામાં બે, રામવાવમાં પાંચ, સણવામાં પાંચ, શાનગઢમાં ચાર, સુખપરમાં બે, સુવઈમાં ૨, ટીંડલવામાં ત્રણ, વજેપરમાં ત્રણ, વણોઈમાં બે, બેલામાં ૨, વીજાપરમાં ચાર અને વ્રજવાણીમાં ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પેટા ચૂંટણીના સરપંચ પદ માટે આડેસરમાં પાંચ, ગાગોદરમાં એક, ભીમાસરમાં બે સહિત સરપંચ પદના સાત દાવેદારો અને સભ્ય પદ માટે બાર ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. માણાબા, કાનમેર, પલાસવા, અમરાપર, નીલપર, ભુટકીયા, મોવાણા, મોડા, સાણપર, આડેસર અને પ્રાગપરની અનુ. જનજાતિના સભ્ય પદની બેઠક પર કોઈ ઉમેદવારી પત્રક ભરાયું ન હતું.


**મુન્દ્રા-બારોઈ નગરપાલિકા**
**મુન્દ્રા-કચ્છ**
आज़ादी का अमृत महोत्सव

**ઓનલાઈન ટેન્ડર નોટીસ**

મુન્દ્રા-બારોઈ નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની ગ્રાન્ટોમાંથી નીચે દર્શાવેલ કામો માટે રાજ્ય સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો (ટુ-બીડ પદ્ધતિથી) માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર દસ્તાવેજોનું ડાઉનલોડીંગ https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળી શકશે. ઓનલાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| ક્રમ | કામગીરીની વિગત | બાનાની રકમ | ટેન્ડર ફી | ઈજારદારની શ્રેણી |
|---|---|---|---|---|
| ૧ | SJMMSVY (UDP-88) વર્ષ (૨૦૨૧/૨૨), (૨૦૨૨/૨૩) અન્વયે મુન્દ્રા-બારોઈ નગરપાલિકા જુદા-જદા વિસ્તારમાં સી.સી. રોડ તથા મુન્દ્રા-બારોઈ ભૂખી નદી પાસેથી ચાઈના ગેટ સુધી રોડ સાઈડ બ્યુટીફિકેશનનું કામ (અંદાજિત રકમ : રૂા.(૭૬,૭૬,૭૩૧.૯૪) | ૭૬,૭૬૭ | ૩૮૩૨ | ("D" વર્ગ અને ઉપરના |

શરતો :-
૧. ઉપરોક્ત ટેન્ડર તાઃ૦૬/૦૬/૨૦૨૫થી દસ્તાવેજોનું ડાઉનલોડીંગ https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળી શકશે.
૨. ડોક્યુમેન્ટ સબમીશન ફક્ત આર.પી. એડી/સ્પીડ પોસ્ટથી ટેન્ડરમાં દર્શાવેલ સમય મર્યાદામાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
જા.નં. : ટેક.૧૦૫૩/૨૦૨૪ તારીખ : ૦૬/૦૬/૨૦૨૫

--સહી-- પ્રમુખ, મુન્દ્રા-બારોઈ નગરપાલિકા | --સહી-- ચીફ ઓફિસર, મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

(નામાનિ-કચ્છ-૩૧૪-૨૦૨૫/૨૬)



**ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**
**પ્લોટ નં. ૭૧, સેક્ટર ૮, પો.બો. ૫૮, ગાંધીધામ-કચ્છ**
ESTD:1953

(ફક્ત સભ્યો માટે)

ગાંધીધામ ચેમ્બરની વર્ષ ૨૦૨૫ ની અર્ધ-વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૮.૦૬.૨૦૨૫ના રોજ સાંજે ૦૪.૩૦ વાગ્યે ચેમ્બર ભવન ખાતે મળશે. એજન્ડા પેપર્સ મેળવવા માટે સભ્યશ્રીઓએ ચેમ્બર કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે. એજન્ડા પેપર્સ ચેમ્બરની વેબસાઈટ www.gccikandla.com ઉપર પણ મૂકવામાં આવેલ છે. દરેક સભ્યોને સભામાં સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માટે જેમના સભ્યપદનું લવાજમ ભરવાનું બાકી હોય તેમણે તેમનું લવાજમ અચૂક ભરી જવા વિનંતી છે. સભ્યશ્રીઓને લવાજમ ભરવામાં સરળતા રહે તે હેતુસર દરેક સભ્યશ્રીઓને વ્હોટસ-અપ/ઈ-મેઈલથી ડીમાન્ડ નોટ સાથે ઓનલાઈન પેમેન્ટ કરવા માટેની લીંક (Payment Link) મોકલાવાયેલ છે, જેમાં પેમેન્ટ કર્યાથી તુરંત ઓનલાઈન રસીદ મળી જશે, તેની નોંધ લેવી.

વિશેષમાં આગામી ટર્મ ૨૦૨૬ અને ૨૦૨૭ ની ચાલુ વર્ષે યોજાનાર કારોબારી સમિતિની ચૂંટણીમાં મતાધિકાર જાળવવા સભ્યશ્રીએ વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ એમ ત્રણ વર્ષનું લવાજમ ભરેલું હોવું જોઈએ, અન્યથા ચેમ્બરના બંધારણ મુજબ તેવા સભ્યોનો મતાધિકાર અને સભ્યપદ આપોઆપ રદ થઈ જશે, જેની વિશેષ નોંધ લેવી.

**મહેશ એસ. તિર્થાણી - માનદ મંત્રી**



**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ** PGVCL
નાના માવા મેન રોડ-રાજકોટ CIN U40102GJ12003SGC042908
ગાંધીધામ વિભાગીય કચેરી, રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં, ડી.સી.-૨, ગાંધીધામ

**વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર ફીડર અગત્યની મેન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં વીજ પુરવઠો ૦૬:૦૦-૧૧:૦૦ બંધ રહેશે.

| તારીખ | ૧૧ કે.વી. | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|
| ૧૪-૦૬-૨૫ | ભાઈપ્રતાપ | વોર્ડ-૧૨બી નો બેન્કિંગ સર્કલ વાળો વિસ્તાર તેમજ શિવાજી પાર્કની સામેનો, DBZ-S,TCX-S,SDX-S, તથા સેક્ટર-૮ નો અમુક વિસ્તાર. |
| | ઝૂલેલાલ | 400 ક્વાટર્સ, કલેક્ટર રોડ, ખન્ના માર્કેટ,૧૨/બી,૧૨/એ,પ્લોટ-૧ થી ૧૦, તેમજ શોપ સી-૧ થી ૨૮,૧એ, DBZ-N,TCX-N,SDX-N નો અમુક વિસ્તાર, રેલ્વે કોલોની નો અમુક વિસ્તાર |
| ૧૫-૦૬-૨૫ | ગોપાલપુરી | અપનાનગર,ગોપાલપુરી કોલોની,વોર્ડ-૧૧ બી,૧૧ એ, રેલ્વે લાઈન ઝુપડા, કૈલાશ સોસાયટી,સોનલનગર |
| | પડાણા | ગળપાદર અને મીઠીરોહરમાં આવતો ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર. |

**કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ**



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કાર્ય - અમદાવાદ ડિવિઝન પર વિવિધ-સ્થિર-સેવાઓ અને પે એન્ડ યુઝ કરારો**

હરાજી શરૂ (બધા લોટ) - 18-06-25 11:30:00
હરાજી કેટલોગ નં. Pay-Use-ADI-25 અને NFR-ADI-6-24

| ક્ર. સં. | લોટ નં./કેટેગરી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|---|
| AA/1 | PnU-ADI-SIOB-Toi-20-25-1 (પે એન્ડ યુઝ - શૌચાલય) | સમાખ્યાલી રેલવે સ્ટેશન પર ત્રણ વર્ષના સમયગાળા માટે લાઇસન્સધારકના ખર્ચે પે એન્ડ યુઝ ધોરણે નોન-ડીલક્સ પ્રકારના શૌચાલયોના સંચાલન અને જાળવણીના કાર્યનું સંચાલન. | 1096 | 18-06-25 12:00:00 |
| AA/1 | MSS-ADI-SIOB-EVC-63-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | લાઇસન્સધારક 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે સમાખ્યાલી સ્ટેશન, 22 ફૂટ X 25 ફૂટના પરિભ્રમણ ક્ષેત્રમાં ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરશે, ચલાવશે અને જાળવણી કરશે. | 1826 | 18-06-25 12:30:00 |
| AA/2 | MSS-ADI-VDG-EVC-62-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | લાઇસન્સધારક વડનગર સ્ટેશન પર 30 ફૂટ x 20 ફૂટના પાર્કિંગ પ્લોટમાં 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરશે, ચલાવશે અને જાળવણી કરશે. | 1826 | 18-06-25 12:40:00 |
| AA/3 | MSS-ADI-MSH-EVC-59-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | લાઇસન્સધારક મહેસાણા સ્ટેશન પર, TRD ઓફિસ નજીક, 94 ફૂટ X 76 ફૂટ વિસ્તાર સાથે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરશે, ચલાવશે અને જાળવણી કરશે. | 1826 | 18-06-25 12:50:00 |
| AA/4 | MSS-ADI-KLL-EVC-56-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | કલોલ સ્ટેશન પર, 15 X 30 ફૂટ વિસ્તાર ધરાવતા પાર્કિંગની સીમા દિવાલને અડીને આવેલા પરિભ્રમણ વિસ્તાર નજીક, એટલે કે કુલ 450 ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતા, ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 18-06-25 13:00:00 |
| AA/5 | MSS-ADI-RUJ-EVC-58-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | લાઇસન્સધારક રણુજ સ્ટેશન પર, બુકિંગ ઓફિસ નજીક, 30 ફૂટ X 20 ફૂટ વિસ્તાર ધરાવતા ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 18-06-25 13:10:00 |
| AA/6 | MSS-ADI-VNG-EVC-61-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | લાઇસન્સધારક વિસનગર સ્ટેશન પર, સ્ટેશન બિલ્ડિંગ નજીક, 42 ફૂટ x 30 ફૂટ વિસ્તાર ધરાવતા ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 18-06-25 13:20:00 |
| AA/7 | MSS-ADI-UJA-EVC-53-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશનો) | ઊંઝા સ્ટેશન પર ૯.૬ X ૪.૮ મીટરના પાર્કિંગ પ્લોટ પાસે, (પાંચ) વર્ષના સમયગાળા માટે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવાનો કરાર | 1826 | 18-06-25 13:30:00 |
| AA/8 | MSS-ADI-SID-EVC-54-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશનો) | સિદ્ધપુર સ્ટેશન પર, સબવે નજીક, 10 X 5 મીટરના વિસ્તાર સાથે ઇલેક્ટ્રિક વાહન (E V ) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 18-06-25 13:40:00 |
| AA/9 | MSS-ADI-GIMB-EVC-55-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશનો) | ગાંધીધામ સ્ટેશન પર, 25 X 20 ફૂટના વિસ્તાર સાથે, એટલે કે કુલ 500 ચોરસ ફૂટના પરિભ્રમણ વિસ્તારમાં 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે કરાર. | 1826 | 18-06-25 13:50:00 |
| AA/10 | MSS-ADI-MSH-EVC-60-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશનો) | લાઇસન્સધારક મહેસાણા સ્ટેશન પર, હનુમાન મંદિર નજીક, 426 ચોરસ મીટરના વિસ્તાર સાથે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 18-06-25 14:00:00 |

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર. અમદાવાદ ડિવિઝન- પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ અમદાવાદ - ૩૮૨૩૪૫.
066

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# વાગડમાં અબોલજીવોના ટપોટપ મોતકાંડની તપાસમાં ભેદભરમ ભુંસું જ કારણ કે, પછી રોગચાળો? કેમ તથ્યો નથી થતાં રજુ...?

**● ગળસુંઢા અંગે સેમ્પલ ફ્રીએ જ કરાવી લીધા હતા, નેગેટીવ રીપોર્ટ છે, છતા પણ અમદાવાદ સેન્ટ્રલ લેબમાં બ્લડ સેમ્પલો મુકયા છે, જે આવ્યા બાદ વધુ કંઈ કહી શકાય, વૃંદાવન ગોપીનાથ એગ્રો-દુધઈવાળાથી ખરીદેલ ખોળ-ભુસો વપરાશ ન કરવા પશુપાલકોને કહ્યુ છે, છતા પણજો કોઈ પશુને આડઅસર જણાય તો તાત્કાલીક અમને જાણ કરે, અટકાયાતી કાર્યવાહી કરીશુ : શ્રી નાથાણી (ઈન્ચાર્જ જિલ્લા નાયક પશુપાલન અધિકારીશ્રી) ● અમારો વિષય કલીનીકલ છે, પેર્ટન જોતા ભુંસુ ખાધા બાદ જ અબોલજીવોના મોત થયાનુ પ્રાથમિક ધોરણે જણાય છે : શ્રીગોવિંદ પ્રજાપતિ(પશુપાલન અધિકારી-રાપર)**

## ગાયોના નામે ચરી ખાતો બની બેઠેલ આંખલો કેમ વાગડ-મોવાણાની ઘટનામાં કયાંય ન ડોકાયો...?

**ગાયોના નામે આડેધડ દબાણો કરવા, ગાયોના નામે ઠેકાઓ નગરપાલિકામાંથી લેવા ધંધાકીય હરીફાઈ-અદાવતો કરવા ઉપરાંત અલગ અલગ અનેકવીધ રીતે નામો વટાવી ખાનારા આંખલા સામે ઠેર-ઠેરથી ઉઠતો ફિટકાર : શું મોવાડા-વ્રજવાણી વિસ્તારમાં ૫૦થી વધુ અબોલજીવોના મોત થયા છે, તેની આ આંખલાને ખબર નથી, કે પછી તેમાંથી કોઈ જ કમાણી કરી શકાય તેવુ ન હોવાથી અબોલજીવો-ગાયોના નામે ચરી ખાનારા આંખલો અહી કયાંય ડોકાયા નથી?**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ સંકુલથી લઈ અને વાગડ પટ્ટા સુધીમાં કયાંય પણ ગાયોના નામે ચરી ખાવાવનુ હોય તો સદાય અગ્રેસર રહેનારા આંખલાઓને લઈને પ્રબુદ્ધવર્ગમાં રાપરના મોવાણામાં બનેલી ઘટના વખતે ફિટકાર વરસવા પામી રહ્યો છે. મોવાણામાં ઘટના સામે આવી છે કે, અહી પ્રાથમિક રીતે એવી વિગતો સામે આવી છે કે, મીલાવટી ભુંસુ ખાવાથી અબોલ જીવોના મોત થવા પામ્યા છે. આ ઘટનાનું સત્ય અને તથ્ય તો કદાચ તટસ્થ તપાસ થશે તો બહાર આવવા પામી જ જશે. પરંતુ જયારે વાગડ પટ્ટામાં આ રીતે બેથી ત્રણ જ દીવસમાં કોઈ કંપનીની બનાવટના ભુંસુ ખાધા બાદ ૨૬ જેટલી ગાયોના મોત નિપજી ગયા હોવાનો આંકડો સત્તાવાર રીતે બહાર આવી ગયો છે તેમ છતા પણ સંકુલનો બની બેઠેલો ગાયોના નામે ચરી ખાતો આંખલો કેમ હજુ સુધી કયાંય ડોકાયો નથી? આવા સવાલો ઉભા થવા પામી રહ્યા છે. ગાયોને કતલખાને લઈ જવામાં આવતા હોવાના નામે મોટા ઉપાડા અને ત્રાગા કરી અને મેં બચાવ્યા મેં બચાવ્યાના નાટકો સાથે વાહનચાલકો પાસેથી મોટી તોડ કરવી,ગાયોના નામે ઠેર-ઠેર કીમંતી કરોડોની જમીનો દબાવી લેવી, દબાણો કરવા , ગાયોને લગતા કામકાજના ઠેકાઓ નગરપાલિકાઓમાથી લેવા માટે દાદાગીરી કરવી, પાતાને ન મળે તો જેને ફાળવાયેલા હોય આવા ઠેકા તેના કામદારો-ડ્રાયવરોની સાથે માથાકુટો અને મારામારી કરવી, આવા તો કઈક કૃત્યો ગાયોના નામે બની બેઠેલ આ આંખલો આચરતો ફરતો હોય છે, તો પછી મેવાણામાં બનેલી ઘટનામાં કેમ તે નથી દેખાયો? શુ આ ઘટનામાં ગાયોના મોત નથી થયા? કે પછી આ પ્રકરણમાં ગાયોના નામે ચરી ખાતા આ આંખલાને કાંઈ જ મલાઈ અને કમાણી દેખાણી નથી એટલે ત્યા ડોકાયો નથી? આવા કઈક વેધક સવાલો સાથે ગાયોના નામે ચરી ખાતા આ આંખલા પર ફીટકાર વરસતો હોવાનુ સામે આવી રહ્યું છે.

## દુધઈની વૃંદાવન ગોપીનાથ એગ્રો સામે કાયદાકીય પગલા ભરાવો સરકારની છબી ખરડાય તે પહેલા કલેકટરશ્રી કરે મધ્યસ્થી : ડીડીઓશ્રીને આપો સુચના : રોગચાળો તો નથી વકર્યો ને?




**કલેકટરશ્રી-ડીડીઓશ્રી-પશુપાલન અધિકારીની પાસેથી વિગતો મેળવી આ પ્રકરણમાં ધાક બેસાડતી કાર્યવાહી કરે તે જ સમયનો તકાજો**

ગાંધીધામ : વાગડના મોવાણા તથા વ્રજવાણી વીસ્તારમાં એબાલજીવોનો મરણ આંક ૩૦એ પહોચી ગયો છે. આ ઘટના ગંભીર છે તેને હળવાશથી ન લેવાય. હકીકતમાં આ અંગે જિલ્લા સમાહર્તા શ્રી ડો. આનંદ પટેલે ડીડીઓશ્રીને સુચનાઓ આપવી જોઈએ અને ભુંસુ જ કારણભુત છે તેવુ ઉતાવળે માની લેવાના બદલે કોઈ બીમારી અહી ફેલાઈ નથી ને તે મામલેની ચકાસણીઓ કરવા સંદર્ભે જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારીથી સચોટ સ્થળ તપાસ-મુલાકાતો કરી અને લેખિતમાં રીપોર્ટ માગવાની સુચનાઓ આપવી જોઈએ. એટલુ માત્ર જ નહી પણ જો ભુંસું જ બધી રીતે કારણભુત સામે આવતુ હોય તો તેનું ન માત્ર વેંચાણ કરનાર દુધઈનો વૃંદાવન ગોપીનાથ એગ્રોવળો બલ્કે તેની આખેઆખી સપ્લાય ચેઈનની સામે નામજોગ પોલીસ ફરીયાદ દાખલ કરી અને કાયદાકીય પગલા ભરવા જોઈએ. તથા આ જ કંપનીની પાસેથી પશુપાલકો કે જેમના પશુઓ મૃત્યુ પામ્યા છે તે બધાયને વળતરની રકમ ચુકવવાનો અદેશ કરાવવો જોઈએ. અને જો રોગચાળો કયાંક ને કયાંક સેમ્પલ બાદ કારણભુત હોવાનુ સામે આવતુ હોય તો સરકારી રાહે ૩૦ પશુઓના મોત પાછળ જે કોઈપણ લાપરવાહ રહ્યુ હોય તેની સામે કડક હાથે કાર્યવાહી કરી દેખાડવાની સુચનાઓ આપવી જોઈએ.કલેકટરશ્રીએ જે તે વેપારીના ખોળ-ભુંસા મામલેની ઉંડાણપૂર્વકની તપાસ કરાવી જોઈએ. જે ભુંસુ ઝેરી બન્યુ તે આવ્યુ કયાંથી? સપ્લાય કોણે કર્યુ? દુધઈ વાળાએ તેનો સંગ્રહ કેવી રીતે કર્યોહતો? કયાં લુ પોલ્સ રહી ગયા છે? તે ટેકનીકલ શોધવુ ઘટે અને આવી ઘટનાનુ પુનરાવર્તન ન થાય તે માટે દુધઈવાળી કંપનીની સામે ધાક બેસાડતી લીગલ કાર્યવાહી કરવી જોઈએ.

## અબોલજીવોની ૮મી જુન સાંજ સુધીની સ્થિતી..!

ગાંધીધામ : વાગડના મોવાણા અને વ્રજવાણી વિસ્તારમાં પશુઓના મોત થવા અંગે સ્થાનિક પશુપાલન અધિકારી ગોવિંદભાઈ પ્રજાપતીની સાથે વાતચીત કરતાતેઓએ જણાવ્યુ હતુ કે, ૮મી જુનના સાંજ સુધીના આંકડાઓની વાત કરીએ તો ૬૧ગાયો અને ૧૭ જેટલી ભેંસો અસરગ્રસ્ત થવા પામી છે. જેમાં ૨૬ ગાયો તથા ચાર ભેંસોના મોત નિપજવા પામ્યા છે અને ૬૬ પશુઓની સ્થિતી રીકવરી પર છે જેઓ સારવાર હેઠળ રહેલા છે.

ગાંધીધામ : માનવવસ્તી કરતા પણ વધુ પશુધન ધરાવતા કચ્છ જિલ્લાના વાગડ પટ્ટામાં બેથી ત્રણ દીવસ પહેલા અરેરાટી ફેલાવતી ઘટના સામે આવવા પામી ગઈ છે.રાપરના મેવાણા તથા વ્રજવાણી વીસ્તારમાં અબોલ પશુઓના ટપોટપ મોત થવાની વાત સપાટી પર અવી છે. જેમાં પ્રાથમીક તબક્કે ચોકકસ ફેકટરીની બનાવટનુ ભુંસુ ખાધા બાદ પશુઓના મોત થયાની વાત આવી રહી છે પરંતુ પશુપાલન ક્ષેત્રના જાણકારો અહી આ પ્રકરણની તપાસને લઈને કયાંક ને કયાંક અલગ અલગ ભેદભરમ જ જોઈ રહ્યા છે. અત્યાર સુધીમાં ૩૦ જેટલા પશુઓના મોત નિપજી જવા પામ્યા છે અને તંત્ર કોઈ તારણ અને સચોટ કારણ પર આવવા પામી શકયુ નથી જેવધુ ચિંતા ઉપજાવતી સ્થિતી છે. જાણકારો કહી રહ્યા છે કે, ભુંસુ જ કારણભુત હતુ કે પછી કોઈ રોગચાળો અહી વકરી ગયો છે? ભુંસુ જ જો કારણ દેખાય છે તો તેનો વેપલો કરનારની સામે હજુ સુધી કાયદાકીય રીતે ધાક બેસાડતા કેમ કોઈ પગલા લેવામા નથી આવી શકયા? અહી સવાલ એ પણ થાય છે કે જો એ જ કંપની-ફેકટરી કારણભુત હોય તો શુ તેણે ભુંસુ રાપરના જ બે ગામમાં વેંચ્યુ છે? અન્યત્ર કયાંય પણ નથી વેચયુ? ક્રોસ ચકાસણી આ બાબતે કેમ નથી કરવામા આવતી? ભુંસુ અન્યત્ર ખવાયું હોય તો અહી જ બે ગામમાં કેમ અસર થવા પામી છે? આવા અનેક સવાલો સાથે આ કેસની તપાસમાં ભેદભરમની સ્થિતી જાણકારો જોઈ રહ્યા છે.

દરમ્યાન જ આ બાબતે રાપરના વેટરનીટી ઓફીસર શ્રીગોવિંદભાઈ પ્રજાપતીને પુછતા તેઓએ કહ્યુ હતુ કે, પ્રાથમિક દ્રષ્ટીએ મેવાણાના ચાર પશુઓના મોત એકાએક જ થયા હતા જેમાં ગાયોનો સમાવેશ થાય છે, જે બાદની તપાસ ચાલી રહી છે. ધોરણસરની કાર્યવાહી કરવામા આવી ચૂકી છે. પ્રાથમિક તબક્કે વૃંદાવન એગ્રોના નવી આવેલી બેગ્સના ભુંસાને આરોગ્ય બાદ ગાયો-ભેસને અસર થવા પામી રહી છે. તેમા પણ ગાયોને વધારે અસર થઈ રહી છે, ભેસ રેસિસ્ટ કરી જાય છે. ભેસવર્ગને તે ભુંસો ખાધા બાદ ઓછી આડ અસર થવા પામી રહી છે. શ્રી પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે, જેટલી પણ જગ્યાએ પશુઓને અસર થઈ છે તેની મુલાકાત લીધી છે તેમાં એક જ એગ્રોવાળાનું ભુંસુ ખાધા પછી અબોલજીવોની તબિયત લથડવા પામી રહી છે. પ્રાથમિક તબક્કે ફુડપોઈઝનીંગ કારણભુત લાગી રહ્યું છે. પરંતુ આ બાબતે વધુ સચોટ તારણ જાણવા માટે અમદાવાદ ખાતેની પશુપાલનની સેન્ટ્રલ લેબ ખાતે સેમ્પલ મોકલી આપ્યા છે જેના અહેવાલ ટુંક જ સમયમાં આવી ગયા બાદ વધારે ખ્યાલ આવી શકે કે કયા કારણોસર હકીકતમાં અબોલજીવોના મોત થવા પામ્યા છે. શ્રી પ્રજાપતીએ કહ્યુ હતુ કે, અમારો કલીનીકલ તપાસનો વિષય છે, અને તે પ્રાથમિકતબક્કે જોતા જે પશુઓની તબિયત લથડી રહી છે તેની પેટર્ન એક જ જોવા મળી રહી છે. એટલે પ્રાયમાફેસી ભુંસુ જ કારણ ભુત જણાઈ આવે છે. આ કેસમાં પોલીસે જાણવા જોગ દાખલ કરી છે અને પશુઓના પીએમ કરીને વીસેરા લેવામા આવ્યા છે. સેમ્પલીંગના રીપોર્ટ આવી ગયા બાદ વધારે તારણ બાબતે કહી શકાય અને તે બાદ ઉચ્ચ સ્તરેથી સબંધિત કાર્યવાહી કરવામા આવી શકે છે તેમ શ્રી ગોવિંદભાઈએ જણાવ્યુ હતુ. તેઓએ કહ્યુ હતુ કે, સ્થાનિકની સ્થિતીનો અહેવાલ અમારા તબક્કેથી જિલ્લાનાનાયક પશુપાલક નિયામકશ્રીને કરવાનો થતો હોય છે અને તે કરી દેવામા આવ્યો છે.

તો વળી બીજીતરફ આ પ્રકરણ અંગે જિલ્લાના ઈન્ચાર્જ નાયબ પશુપાલન અધિકારીશ્રી નાથાણીની સાથે વાતચીત કરવામા આવતા તેઓએ કહ્યુ હતુ કે, દુધઈ પાસે આવેલી વૃંદાવન ગોપીનાથ એગ્રો કંપનીના ભુંસો આરોગ્ય બાદ મેવાણા તથા વ્રજવાણી વીસ્તારમા પશુઓને અસર થવા પામી છે. આ બાબતેની ગંભીરતા સમજી અને તપાસ ચાલી રહી છે. અમે ત્વરિત ધોરણે ઘટનાનુ કારણ જાણવાની પ્રકીયાઓ હાથ ધરી હતી. સેમ્પલીંગ પણ કરી લેવાયા છે અને અમારી લેબમાં મુકયા છે. રોગચાળો નથી એવુ એટલા માટે કહી શકાય કે, છઠ્ઠી તારીખના રોજ અમે ગળસુંઢાને લગતા સેમ્પલો કરાવી લીધા છે અને તે નેગેટીવ જ આવેલા છે એટલે રોગચાળો પ્રાથમિક ધોરણે નથી દેખાતો. ઉપરાંત પણ મૃત પશુઓના સેમ્પલો અમારી સેન્ટ્રલ લેબમાં મોકલી આપ્યા છે તે રીપોર્ટ આવ્યા બાદ વધારે ખબર પડી શકે. હાલતુરંત અમે સબંધિત એગ્રોવાળા પાસેથી ખરીદી કરેલ ખોળ-ભુંસાનો વપરાશ ન કરવાનો મહત્તમ સંદેશો પશુપાલકો સુધી પહોચતો કરવાનો પ્રયાસ કર્યો છે, અને હજુય કદાચ આ ખોળ ભુસો ખાયા બાદ કોઈ પણ પશુ અફેકટેડ દેખાય તો તાત્કાલીક પશુપાલનઅધિકારીનો સંપર્ક સાધે અમે વિના વિલંબે ત્યા અટકાયાતી કાર્યવાહી કરવા ટીમો સાથે પહોચી જઈશુ તેવુ શ્રી નાથાણીએ જણાવ્યુ હતુ.

## રાજકિય રીતે કોઈનું નથી પ્રભુત્વ? : જાયે તો જાયે કહાં..!

# ગાંધીધામનું કમનશીબ તો જુઓ, મનપા તો આવી,મહા-મુસીબતો પણ તાણી લાવી : મોટા પેટવાળા અધિકારીઓને ઘી-કેળા : પ્રજા ત્રસ્ત..!

**રાજયની નવ નપાને મનપાનો એક સાથે અપાયો હતો દરજ્જો, ગાંધીધામ સાથે જોહર થયેલી મોરબી-વઢવાણ સહિતની મનપાઓમાં વિકાસકામોનો ચાલી રહ્યો છે ધમધમાટ, ગાંધીધામમાં તો હજુ કચરાના ગંજ પણ પુરા સાફ નથી કરી શકાયા, દબાણોના નામે વ્હાલાદવલા કરાયા, ગરીબોને હેરાન પરેશાન કરાયા,મોટા માથાઓ તથા ટાગોર રોડ જેવા કાયમી દબાણો હજુય છે યથાવત, શહેરની બજારોમાં મોટાભાગની આર્કેટમાં દબાણોના છે ધોડાપુર, ગટરની સમસ્યાઓ રહી છે યથાવત, વરસાદના એંધાણ છે ત્યારે વરસાદી નાળા સફાઈના નામો પણ થઈ રહ્યું છે માત્ર અને માત્ર નર્યુ નાટક, રોડ રસ્તા નવા બનવાની વાતો તો દુરની રહી, હયાત રોડ થઈ ગયા છે ખસ્તા હાલત, ભ્રષ્ટ ઠેકેદારોની સામે તવાઈ બોલાવવાના બદલે કૌભાંડી ઠેકેદારને જ ફરી ફરીને કરોડોના કોન્ટ્રાકટ આપી દેવામા આવી રહ્યા છે..!**

**મનપાના એન્જીનીયર સાહેબ ને તો બે હાથમાં લાડુ થઈ ગયો છે, સરકારી પગાર અને ઠેકેદારોના મુચરકાંઓ મળી રહયા છે બેફામ, પ્રજાના પૈસા પર થઈ રહી છે ઉઘાડી લુંટ : મોટા પેટવાળા અધિકારીઓ પણ આ એન્જીનીયરની સામે દેખાય છે મુંગામંતર, મેમા આપીએ છીએ, પગલા લેશુની વાતો જ કરતા રહે છે અને એન્જીનીયર સાહેબ ફરી ફરીને કામોના ઈન્સપેકશનમાં દાખવી રહ્યા છે ઢીલાશ, ફરીયાદો પણ થવા પામી છે, પણ તેની સામે કાર્યવાહીના નામે છે મીડુ**

ગાંધીધામ : ગુજરાત સરકાર દ્વારા રાજયમાં ગાંધીધામ સહિતની નવ નગરપાલીકાઓન મનપાનો દરજ્જો આપ્યો છે. પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગરને આ મુજબનો દરજ્જો મળવા પામતા વિકાસની અહી આંધી ફુંકાવવા પામી જશે તેવો આશાવાદ રહેવા પામ્યો હતો પરંતુ જે રીતે મનપાનો દરજ્જો મળ્યો ત્યારથી લઈઅને અત્યાર સુધીમાં અહી મુકાયેલા મોટા પેટવાળા અધિકારીઓ અને તેમનુ પ્રશાસન વર્તી રહ્યુ છે તે જોતા તો લોકો એમ કહી રહ્યા છે કે, જો આ જ મનપા તંત્ર અને તેની ધાક અને સત્તાઓનો ઉપયોગ કરવાની મર્યદાઓ હોય તો પછી આના કરતા તો નગરપાલીકા ઘણે અંશે સારી હતી.!આ બાબતે પ્રબુદ્ધવર્ગમાંથી પ્રગટ થતા આક્રોશ ભર્યા કચવાટની જો વાત કરીએ તો ગાંધીધામને નગરપાલીકા માથી મહાનગરપાલીકા મળવા પામી છે અને તે મળી જવાથી સંકુલને માળખાગત વિકાસ સહિતના અનેકવીધ કામો ધમધમતા થઈ જશે, સમસ્યાઓથી મુકિત મળશે, ઉચ્ચ કક્ષાના અધિકારીઓ મુકાઈ જવા પામતા ભ્રષ્ટ રીતીનીતીઓ અટકી જશે, પારદર્શિતા વધશે, પ્રજાના ટેક્ષના પૈસાથી વીકાસકામો વધુ વેગવાન બનશે, આવો બધો જ આશાવદ અહી મનપા થયા બાદ પાણીઢોળ અવસ્થમાં જ હોવાનુ જાણકારો કહી રહ્યા છે. જે રીતે અહી સમસ્યાઓ યથાવત જ રહેવા પામી છે, કેટલીક તો વકરી રહી છે, ભ્રષટાચાર માઝા મુકી ચૂકયો હોવા ઉપરાંત કેઈની પણ સામે ધાક બેસાડતા પગલા લેવાતા ન દેખાતા પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, જો આ જ મનપા તંત્ર અને તેના અધિકારીઓની સત્તાની મર્યાદાઓ હોય તો આના કરતા તો નગરપાલિકા હતી તે જ અનેકગણી સારી હતી?વાત સહેજ ફોડ પાડીને કરીએ તો પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, જરા વિચાર તો કરો મહાનગરપાલિકા જાહેર થઈ તેને કેટલો સમય થયો? ગાંધીધામ સંકુલમાં મનપાએ કયા એવા નેત્રદીપક કામો અત્યાર સુધીમાં કરી દેખાડયા છે? ગાંધીધામના જાણકારો કહી રહ્યા છે કે, આપણી સાથે જ વઢવાણ અને મોરબી મનપા બની છે, ત્યાં જોઈ આવો, કમીશ્નરેટ મળ્યાનો કેવો લાભાલાભ રહેવાસીઓને મળી રહ્યા છે..? ગાંધીધામમાં તો કચરાના ગંજ સાફ કરવાના બહાને એક જગ્યાએથી બીજા જગ્યાએ ઠલવાઈ રહ્યા છે, દબાણો દુર કરવામાં વ્હલાદવલા આચરાય છે, નાના ગરીબો પર તાકાત દેખાડાય છે અને મોટા માથાઓ તથા આખેઆખાટાગોર રોડ પરના દબાણોને કાયમી દુર મનપા તંત્ર પણ કરી જ નથી શકયુ?,ગટરની સમસ્યાઓ છે યથાવત, નવા રોડ રસ્તાઓની તો વાત જ દુરની રહી, ઉબડખાબડ -તુટેલા રસ્તાઓની હાલત વધુ ખસ્તા બની છે, વરસાદી નાળા સફાઈના નામે નર્યુ નાટક થાય છે,નાળાની પાસે જ અંદરથી કાઢેલો કચરો એ જ નાળાના કિનારે મુકી દેવાય છે, કેટલોક આખાબોલો વર્ગ તો સ્પષ્ટ કહી રહ્યો છે કે, ભારતનગરમાં નવા બનેલા હનુમાનજીના મંદીર

**અનુસંધાન પાના નં.૫ પર**

## ખાવડામાં ટ્રેક્ટર ખાડામાં પડી જતા ૪ ઘવાયા

ભુજ : તાલુકાના ખાવડામાં સેલ કંપનીની અંદર ગઈકાલે ટ્રેક્ટર ખાડામાં પડી જતા ચાર લોકો ઘવાયા હતા. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીમાંથી જાણવા મળતી વિગતો મુજબ ટ્રેક્ટરમાં બેસીને ચાર લોકો કંપનીમાં અંદર જતા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. ટ્રેક્ટર ખાઈમાં પડી જતા આ બનાવમાં મધન વાલારામ, જગદીશરામ, કપીલ અસલારા અને છેલારામ નામના યુવકનોએ ઓછી-વતી ઈજાઓ થતા સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.


**સ્મશાનયાત્રા**



**મનોજ પ્રેમચંદ કાકનાની**
ઉવ. ૪૭, સ્વ. તા. ૦૪/૦૬/૨૦૨૫

**સ્મશાનયાત્રા**
તા.૧૦/૦૬/૨૦૨૫ મંગળવાર સમય સાંજે ૫:૦૦ કલાકે નિવાસ્થાન D.B.Z નોર્થ - ૧૮૪, વોર્ડ ૧૨/બી, જૂના ગુરૂદ્વારા, હોટલ શિવ રેજેન્સીની બાજુમાં, ગાંધીધામ થી આદિપુર સ્મશાન ગૃહ જશે.

:: શોકમગ્ન ::
- દયાવંતીબેન પ્રેમચંદ હરૂમલ કાકનાની (માતા/પિતા)
- ચાશિકાબેન મનોજ કાકનાની (પત્ની)
- જય મનોજ કાકનાની (પુત્ર)
- પ્રકાશ પ્રેમચંદ કાકનાની (ભાઈ)
- મહેકબેન લલિતભાઈ જગવાની (બેન/બનેવી) (જોધપુર)

સબંધિત ફર્મ • મંતવ્ય ભાસ્કર ન્યૂઝ પેપર • હરૂમલ ગ્રુપ ઓફ કંપની • હરૂમલ આઈસ ફેક્ટરી • રાધા સ્વામી આઈસ ફેક્ટરી



**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ.અજાભાઈ નારણભાઈ ચૈયા**
ઉવ. ૮૪, સ્વ. તા. ૦૯/૦૬/૨૦૨૫

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પરિવાર ના વડીલ શ્રી સ્વ. અજાભાઈ નારણભાઈ ચૈયા (ઉ.વ. ૮૪) સ્વ. તા. ૦૯/૦૬/૨૦૨૫, સોમવારના રામશરણ પામેલ છે. ભગવાન દિવંગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ ૐ શાંતિ

॥ શોકાતુર પરિજનો ॥
- હમીરભાઈ નારણભાઈ ચૈયા – ભાઈ
- રાઘુભાઈ અજાભાઈ ચૈયા – પુત્ર
- બાબુભાઈ હમીરભાઈ ચૈયા – ભત્રીજા
- હસમુખભાઈ હમીરભાઈ ચૈયા – ભત્રીજા
- શંભુભાઈ રાઘુભાઈ ચૈયા – પૌત્ર
- હર્ષભાઈ બાબુભાઈ ચૈયા – પૌત્ર
- હેમ હસમુખભાઈ ચૈયા – પૌત્ર
- ચુવેન શંભુભાઈ ચૈયા – પ્રપૌત્ર

તથા સમસ્ત ચૈયા પરિવાર ગામ- વીરા, તાલુકા - અંજાર (કચ્છ)
લૌકિક વ્યવહાર નિવાસ્થાન ગામ- વીરા મધ્યે રાખેલ છે .

સબંધિત ફર્મ : જીગર રોડલાઈન્સ



ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
**ગાંધીધામમાં પેટ, આંતરડા, સ્વાદુપિંડ અને લીવરના રોગોની ઓપીડી**

zydus Hospitals

રોબોટીક અને લેપ્રોસ્કોપીક ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલ સર્જન
**ડૉ. વિશાલ સોની**
MS, Fellow (GI Surgery),
FMAS, DMAS, FALS, FIAGES
Advanced Robotic & Laparoscopic Gastro - Intestinal Surgeon & Hernia Expert



**પેટ, આંતરડા, સ્વાદુપિંડ અને લીવરની બીમારીઓના લક્ષણો**
- પિત્તાશયમાં સોજો / પથરી • સ્વાદુપિંડમાં સોજો / પથરી / કેન્સર
- મોટા આંતરડાના રોગો (આંતરડામાં ચાંદા, ડાઈવર્ટિકલ્ટીસ, કેન્સર)
- લીવરમાં ગાંઠ • મળમાર્ગની જૂની તકલીફો

12-06-2025 (ગુરુવાર) સવારે 10:00 થી 02:00

**લીલા હૉસ્પિટલ**
Leela Hospital Looking beyond Care
વોર્ડ નં 07/D, રવિન્દ્રનાથ ટાગોર રોડ, ગાંધીધામ

રજીસ્ટ્રેશન માટે સંપર્ક: 78744 01212
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ - 54. 079 6619 0300

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.